


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 6 | Issue- 259 | AD-2023, Ashadh Sud-04 | Thursday, Dt. 22-06-2023 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ભારતે આ અંગે સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોની ઈચ્છાશક્તિ પર સવાલ ઉઠાવ્યા

# ચીનની ફરી અવળચંડાઈ : સાજિદ મીરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા પર આડું ફાટયું

અમેરિકા દ્વારા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો અને ભારતે તેનું સમર્થન કર્યું હતું

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

ચીને ફરી એકવાર ૨૬/૧૧ના હુમલામાં સામેલ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી સાજિદ મીરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા પર રોક લગાવી દીધી છે. ચીને સંયુક્ત રાષ્ટ્રમાં ભારત અને અમેરિકાના પ્રસ્તાવ પર રોક લગાવી દીધી છે. આ પહેલા પણ સાજિદ મીરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવામાં ચીન અવરોધ બની ચૂક્યું છે. હવે ભારતે આ અંગે સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોની ઈચ્છાશક્તિ પર સવાલ ઉઠાવ્યા છે. યુએનમાં ભારત વતી, વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ પ્રકાશ ગુપ્તાએ કહ્યું કે જો આપણે સ્થાપિત આતંકવાદીઓને યુએનની વૈશ્વિક આતંકવાદીઓની યાદીમાં સામેલ કરવામાં સક્ષમ નથી, તો તે આનો સામનો કરવાની ઈચ્છાશક્તિનો અભાવ દર્શાવે છે. યુએનમાં ભારતીય પ્રતિનિધિએ કહ્યું, "જો આપણે કેટલાક દેશોના ભૌગોલિક રાજકીય હિતોને કારણે યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલમાં વિશ્વભરમાં આતંકવાદી જાહેર કરવામાં આવેલા આવા સ્થાપિત આતંકવાદીઓને વૈશ્વિક આતંકવાદી તરીકે જાહેર કરવામાં સક્ષમ નથી, તો તેનો અર્થ એ છે કે આતંકવાદના આ પડકારનો સામનો કરવા માટે આપણી પાસે વાસ્તવિક રાજકીય ઈચ્છાશક્તિ નથી.



ઉલ્લેખનીય છે કે, સાજિદ મીર ભારતના મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ છે. ૨૦૦૮માં મુંબઈમાં પાકિસ્તાનના આતંકવાદીઓ દ્વારા આતંકી હુમલો થયો હતો. લગભગ પાંચ દિવસ સુધી ચાલેલા આ હુમલામાં ૧૬૬થી વધુ નાગરિકો માર્યા ગયા હતા. ચીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ૧૨૬૭ અલ કાયદા પ્રતિબંધ સમિતિ હેઠળ મીરને વૈશ્વિક આતંકવાદી તરીકે બ્લેકલિસ્ટ કરવાના પ્રસ્તાવને અવરોધિત કર્યો હતો. ઠરાવમાં તેની સંપત્તિ, મુસાફરી અને હથિયારો પર પ્રતિબંધની ભલામણ કરવામાં આવી હતી. આ માટે અમેરિકા દ્વારા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો અને ભારતે તેનું સમર્થન કર્યું હતું.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પણ ચીને સંયુક્ત રાષ્ટ્રમાં મીરને આતંકવાદી જાહેર કરવાના પ્રસ્તાવને અટકાવી દીધો હતો અને બેઈજિંગે હવે આ પ્રસ્તાવ પર રોક લગાવી દીધી છે. મીર ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓમાંનો એક છે અને ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલામાં તેની ભૂમિકા બદલ તેના પર US$ ૫ મિલિયનનું ઈનામ છે. ગયા વર્ષે, મીરને પાકિસ્તાનની આતંકવાદ વિરોધી અદાલતે ટેરર ફાઈનાન્સિંગ કેસમાં ૧૫ વર્ષથી વધુની જેલની સજા ફટકારી હતી. અગાઉ પાકિસ્તાની અધિકારીઓએ દાવો કર્યો હતો કે મીરનું મૃત્યુ થયું છે, પરંતુ પાકિસ્તાન તેને સાબિત કરી શક્યું નથી.

અગાઉ ઓક્ટોબર ૨૦૨૨ માં, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં, ભારતે આંતરરાષ્ટ્રીય સમુદાયની સામે ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલામાં પાકિસ્તાની જોડાણનો પર્દાફાશ કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે આતંકવાદીઓના હેન્ડલર્સ મુંબઈ હુમલાનું કાવતરું ઘડી રહ્યા હતા અને તેમણે આદેશ આપીને હુમલાને અંજામ આપ્યો. સાજિદ મીરે જ આ આદેશ આપ્યો હતો, જે તે સમયે પાકિસ્તાનમાં બેસીને મુંબઈમાં આવેલા ૧૦ આતંકવાદીઓને ફોન પર સૂચના આપી રહ્યો હતો.

આ સંદર્ભમાં ભારતે આંતરરાષ્ટ્રીય સુરક્ષા પરિષદની સામે એક ઓડિયો ક્લિપ પણ ચલાવી હતી. આ ઓડિયો ક્લિપ મુંબઈના ચાબડ હાઉસની છે જ્યાં સાજિદ મીર આતંકવાદીઓને કહી રહ્યો હતો, 'જ્યાં પણ લોકોની અવરજવર જોવા મળે છે. જો કોઈ વ્યક્તિ ધાબા પર ચાલી રહી હોય અથવા કોઈ આવી રહ્યું હોય તો તેના પર ફાયર કરો. તેને ખબર નથી કે ત્યાં શું થઈ રહ્યું છે.

પાકિસ્તાની આતંકવાદી સાજિદ મીર એ જ છે, ૨૬ નવેમ્બર ૨૦૦૮ના મુંબઈ હુમલા વખતે તે સતત સંપર્કમાં રહીને આતંકવાદી અજમલ કસાબ અને અન્ય તમામ આતંકવાદીઓને ફોન પર હુમલા માટે સૂચના આપતો હતો. જીવતા પકડાયેલા આતંકવાદી કસાબે સાજિદ મીરનું નામ લીધું હતું. મુંબઈ હુમલાના કાવતરામાં લશ્કરના સંસ્થાપક હાફિઝ સઈદ અને ઝકીઉર રહેમાન લખવી પણ સામેલ હતા.




## ઔરંગાબાદમાં ડોકટરના વેશમાં બોમ્બ બનાવતા આતંકીની ધરપકડ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૧

મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાના કન્નડ તાલુકામાં મોડી રાત્રે એક ઘરમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટમાં ઘરમાં હાજર શેખ સલીમ નામનો વ્યક્તિ ઘાયલ થયો હોવાની માહિતી મળી રહી છે. માહિતી મળતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી અને સલીમને હોસ્પિટલમાં દાખલ કર્યો છે. જે બાદ પોલીસ ઘરની તપાસ કરી રહી છે. ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કોઈને પણ આસપાસ આવવાની પરવાનગી નથી.

ઔરંગાબાદ એસપીએ જણાવ્યું કે બ્લાસ્ટ જેના કારણે થયો, અમે તેની તપાસ કરી રહ્યા છીએ. પ્રાથમિક માહિતી મુજબ શેખ સલીમ ઠગ હતો. તેના ઘરેથી દવાઓ બનાવવાનો કાચો માલ મળ્યો છે. તેમને આગમાં ગરમ કરતી વખતે તે બિકર સાથે ફાટી હોવાનું જણાઈ રહ્યું છે . એસપીએ કહ્યું કે અમે તપાસ કરી રહ્યા છીએ કે તેમને દવાઓ વગેરેનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી હતી કે કેમ. હાલમાં તે ઘાયલ છે અને તે કઈ જવાબ આપે તે સ્થિતિમાં નથી. તે સ્વસ્થ થયા બાદ તેની પૂછપરછ કરવામાં આવશે.

## દેશભરમાં ઐતિહાસિક રીતે યોગ દિવસની ઉજવણી



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

દેશ વિદેશમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજનાથ સિંહે આઈએનએસ વિક્રાંત પર યોગ કરીને આ દિવસ ઉજવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ બુધવારે ગુરુગ્રામના તૌ દેવીલાલ સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ૯મી આવૃત્તિ 'માનવતા માટે યોગ' થીમ પર ઉજવણી કરાઈ હતી તેમજ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ લોકો સાથે જોડાયા અને નોઈડામાં યોગ કર્યા.

**મકાન વેચવાનું છે**

જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન,
એક મોટી બાલ્કની, ફર્નિચર, પાણી માટે દાર
તેમજ જરૂરી તમામ સગવડતાવાળુ
કોર્નરનું મકાન વેચવાનુ છે.

હનુમાનપરા રોડ, રણુજા ધામ સોસાયટી-૧, અમરેલી

સંપર્ક – મો. ૯૭૧૪૧૧૧૧૫૩















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૨૨-૦૬-૨૦૨૩

# ધો. ૧૨ની પરીક્ષામાં પ્રથમ આવનાર અમરેલીની એસ.એચ.ગજેરા સ્કૂલની વિદ્યાર્થિનીનું સન્માન

## સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરી



અમરેલી,તા.૨૧

અમરેલીમાં આવેલ એસ. એચ.ગજેરા સ્કૂલની વિદ્યાર્થિની નિષ્ઠા વ્યાસે તાજેતરમાં ધો.૧૨ની લેવાયેલ પરીક્ષામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરતા સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના હસ્તે વિદ્યાર્થિનીનું રોકડ અને મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થિની ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા આપી હતી. આ તકે, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, વસંતભાઈ પેથાણી, આચાર્ય અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.

# ચલાલા પાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિમણૂક કરવા મહેસુલમંત્રીને રજૂઆત

અમરેલી,તા.૨૧

ચલાલા નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિમણૂક થઈ ન હોવાથી પાલિકાનો વહીવટ ખાડે ગયો છે. વહીવટદાર અને ઈન્ચાર્જ ચીફ ઓફિસર ભાગ્યે જ પાલિકામાં દર્શન દેતા હોવાથી અરજદારોની હાલાકીમાં વધારો થયો છે. ચલાલા પાલિકામાં કાયમી ધોરણે ચીફ ઓફિસરની નિમણૂક કરવા એડવોકેટે મહેસુલમંત્રીને રજૂઆત કરી હતી.

ચલાલાના એડવોકેટ શાંતિલાલ રાઠોડે રજૂઆતમાં જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી ચલાલા પાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિમણૂક થઈ નથી. અત્યારે ઈન્ચાર્જ ચીફ ઓફિસર તથા વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે. જેના કારણે શહેરના ૫૦ હજાર લોકોના પ્રજાલક્ષી કે વિકાસના કોઈ જ કાર્યો થઈ શકતા નથી. શહેરમાં સફાઈ અને શુદ્ધ પાણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. અરજદારો દરરોજના કામ માટે જવાબદાર અધિકારીઓને મળી શકતા નથી. ઉપરાંત પાલિકામાં બંને અધિકારીઓ વ્યસ્તતાને કારણે ચલાલા નગરપાલિકાને પર્યાપ્ત સમય ફાળવી શકતા નથી. જેના કારણે લોકોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે ત્યારે લોકોની હાલાકીનો ખ્યાલ રાખી કાયમી ચીફ ઓફિસરની નિમણૂક કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# કાનાતળાવ ગામે અષાઢી બીજની ભવ્ય શોભાયાત્રા




તસવીર : સોરભ દોશી

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલા તાલુકાના કાનાતળાવ ગામે છેલ્લા ૨૮ વર્ષથી ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિશાળ રથયાત્રા નીકળી હતી.

જેમાં કાનાતળાવ ગામના સુરત, અમદાવાદ, મુંબઈ સહિત બહારગામ રહેતા નગરજનો અષાઢી બીજને દિવસે ખાસ કાનાતળાવ ઉપસ્થિત થાય છે અને આ રથયાત્રાના ધાર્મિક ઉત્સવમાં જોડાય છે. સમસ્ત ગામ માટે લાપસીનો મહાપ્રસાદ કરાય છે.

# વડીયામાં યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ



અમરેલી,તા.૨૧

વડીયાની સુરગવાળા હાઈસ્કૂલ ખાતે યોગ દિવસમાં તાલુકાના અધિકારીઓ, નાગરિકો, વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગા કરીને યોગદિવસની ઉજવણી કરી હતી.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે યોગ દિન ઉજવાયો



તસવીર : હાર્દિક બામટા

અમરેલી,તા.૨૧

બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. યોગ દિને પોલીસ કર્મીઓ, હોમગાર્ડ જવાનો, અધિકારીઓ અને વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# બાગાયત ખાતાની યોજનાઓનો લાભ લેવા તા. ૧૯ સુધીમાં અરજી કરવી

અમરેલી.,તા.૨૧

બાગાયત ખાતાની વિવિધ યોજનાકીય સહાયનો લાભ મેળવવા માટે તા.૧૯ જુલાઈ સુધીમાં અરજી કરી શકાય છે. અરજી કરતી વખતે ખેડૂત ખાતેદારે ૭, ૧૨, ૮-અ, બચત બેંક ખાતા, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરની વિગતો સહિતના પુરાવાઓ સાથે રાખવા જરુરી છે. ખેડૂતોને નર્સરી સ્થાપવા માટે યુનિટ કોસ્ટ રુ.૩.૫૦ લાખ નિયત કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના ખેડૂતોને ૭૫% લેખે રુ.૨.૬૨૫ લાખ તેમજ સામાન્ય જાતિના ખેડૂતોને ૬૫% લેખે રુ.૨.૨૭૫ લાખ સહાય મળવા પાત્ર છે. બાગાયતી સહાય મેળવવા ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ મારફતે ઓનલાઈન અરજી કરી જરુરી સાધનિક પુરાવા સાથે નાયબ બાગાયત નિયામક, બાગાયત કચેરી, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે મોકલી આપવી.

# સાવરકુંડલામાં આવેલ હવેલી ખાતે ભવ્ય મનોરથ કાર્યક્રમ ઉજવાયો



સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલા ખાતે મનોરથી પ.ભ.વૈષ્ણવ ચંદ્રિકાબેન મહેશકુમાર શેલાણી (મુંબઈ) તરફથી અત્રેની દ્વારકાધીશજીની હવેલી ખાતે ભવ્ય મનોરથ કાર્યક્રમ ઉજવાયો હતો. આ ઉત્સવમાં પરમ ભગવદીય વૈષ્ણવ ભાઈઓ અને બહેનોએ આ દિવ્ય આંબા મનોરથની ઝાંખી કરીને દિવ્યતા અનુભવી હતી.દ્વારકાધીશજીની હવેલીમાં ઠાકોરજીને અષ્ટ સમાની ઝાંખી અને દરેક માસમાં આવતા પુષ્ટિ ઉત્સવો આનંદ સાથે ઉજવવામાં આવે છે. દરેક વૈષ્ણવો બધા ઉત્સવમાં ભાગ લે છે. સુંદર ગીત કીર્તન અને સમા સમા ના રાગ- ભાંગ-ગારનો લ્હાવો મળતો રહે છે તેમ દ્વારકાધીશજીની હવેલી મુખ્યાજી ઘનશ્યામભાઈ મહેતાએ જણાવેલ છે.

# રાજુલાના ઉચૈયા પ્રા.શાળામાં મધ્યાહન ભોજન સંચાલકની જગ્યા માટે અરજી કરવી

અમરેલી,તા.૨૧

રાજુલા તાલુકાની ઉચૈયા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન સંચાલક કમ કુકની જગ્યા પર લાયકાત ધરાવતા હોય તેઓ અરજી કરી શકે છે. ઉંમર મર્યાદા ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૫૫ વર્ષ છે.

આ માટે લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોએ તા.૩૦ જૂન,૨૦૨૩ બપોરના બે વાગ્યા સુધીમાં અરજીપત્રક મામલતદાર, રાજુલાની ટપાલ શાખાને પહોંચાડવાનું રહેશે.

સ્થાનિક રહેવાસી અને મહિલા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. રાજ્ય સરકારના નિયમાનુસાર માનદ વેતન મળવાપાત્ર છે તેમ મામલતદાર, રાજુલાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજુલા શહેરમાં પાણી વ્યવસ્થા બાબતે પૂર્વ ધારાસભ્યએ પ્રાંત અધિકારીને રજૂઆત કરી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૧

રાજુલામાં અનિયમિત પાણી વ્યવસ્થા હોવાથી રાજુલા શહેર ખાતે પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેરે તેમની ટીમ સાથે શહેરમાં અનિયમિત પાણી વિતરણ વ્યવસ્થા સુધરે તથા સફાઈ વ્યવસ્થા સુધરે એ માટે પ્રાંત અધિકારી અને પાલિકાના વહીવટદારને યોગ્ય કરવા માટે રજૂઆત કરી હતી. સાથોસાથ છેલ્લાં ઘણા સમયથી સફાઈ કામદારોના બાકી રહેતા પગાર નગરપાલિકા ઝડપથી ચુકવે એવી રજૂઆત કર્યા બાદ શહેરના વોટર વર્ક્સ શાખાની મુલાકાત લીધી હતી.

# રાજુલા શહેરમાં દરજી સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ



રાજુલા,તા.૨૧

રાજુલા સમસ્ત દરજી જ્ઞાતિ મંડળ દ્વારા વિદ્યાર્થી ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ ત્રિવિધ કાર્યક્રમમાં લોકડાયરો તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમમાં સાધુ-સંતોએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની સાથે સાથે દાતાઓનું પણ પેન આપી અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં ભોજન સમારંભ પણ યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન કનુભાઈ સરવૈયા દ્વારા કરાયું હતું. આ કાર્યક્રમમાં દરજી સમાજના તમામ આગેવાનો હાજર રહ્યાં હતા.

# રાજુલામાં ગુજરાત ગૌરવ સન્માનિત વિપુલભાઈ લહેરીનું સન્માન કરાયુ



રાજુલા,તા.૨૧

રાજુલા શહેરના ડુંગર રોડ પર આવેલ નોબલ વર્લ્ડ સ્કૂલ ખાતે ગુજરાત ગૌરવ એવોર્ડ સન્માનિત વિપુલભાઈ લહેરીએ નોબલ સ્કૂલની મુલાકાત લીધી હતી અને દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ શાળા પરિવાર દ્વારા વિપુલભાઈનું સન્માન કરવામા આવ્યું હતું. વિપુલભાઈએ શાળાના વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદ્‌બોધન આપ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક રહ્યો હતો. આ તકે શાળાના નિકુંજભાઈ પંડિત, યોગેશભાઈ જેઠવા, ભાવેશભાઈ ડાબસરા, મુળુભાઈ વાવડીયા, રાજુભાઈ સંપટ સહિત શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.









સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ રેખાબેન મોવલિયા, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડાએ યોગાભ્યાસ કર્યો

# અમરેલી પોલીસ પરેડ મેદાનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

## યોગ વિરાસતને આંતરરાષ્ટ્રીય ફલક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રસ્થાપિત કરી : કૌશિક વેકરીયા

અમરેલી તા.૨૧

એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય, વસુધૈવ કુટુમ્બકમ'ના સંકલ્પ સાથે સમગ્ર વિશ્વમાં નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી. જેના ભાગરુપે જિલ્લા કક્ષાના યોગ દિવસનો કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અમરેલી ખાતે સંપન્ન થયો હતો. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ વિભાગના અધિકારીઓ, જવાનોએ યોગાભ્યાસ કર્યો હતો.કાર્યક્રમના પ્રારંભે પુષ્પગુચ્છથી મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુરત સ્થિત કાર્યક્રમ અને ઉદ્બોધનના ડિજિટલ માધ્યમથી સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રીએ નિરામય સ્વાસ્થ્ય માટે યોગની વિરાસતના મહત્ત્વને વર્ણવતા નિયમિત યોગ કરવાનું સૂચન કર્યુ હતું. મહત્વનું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર સંઘના વડા મથક ખાતેથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં આપેલ સંદેશ વીડિયો માધ્યમથી પ્રસારિત કરવામાં આવ્યો હતો. તેમણે પોતાના સંદેશમાં યોગના ફાયદા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના યોગ વારસાના મહત્વ વિશે માહિતી આપી હતી.




આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિશ્વ ફલક પર સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં જઈ યોગ દિવસની ઉજવણી કરવાના છે. ઋષિ મૂનિઓએ આપેલા યોગના ફાયદા અને વિરાસતને આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રસ્થાપિત કરવાનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે. યોગના ફાયદાને વૈશ્વિક ઓળખ આપવાનું કામ વડાપ્રધાનના નેતૃત્વમાં થઈ રહ્યું છે. સમગ્ર રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમત ગમત અને સાંસ્કૃતિ પ્રવૃત્તિ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન તળે સમગ્ર રાજ્યમાં યોગ દિવસની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર રાજ્યના ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો આજે યોગાસન પ્રવૃત્તિમાં જોડાયા છે. યોગ કરવાથી થતા ફાયદાનું પ્રેરક ઉદાહરણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે.' તેમણે અમરેલી જિલ્લા વહીવટી તંત્રને સમગ્ર જિલ્લામાં યોગદિવસના સુચારું આયોજન માટે અભિનંદન પણ આ પ્રસંગે પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રેખાબેન મોવલિયા, સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા કલેક્ટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંઘ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને અમરેલી નગરના ભાઈઓ, બહેનોએ યોગાભ્યાસ કર્યો હતો.

# સા.કુંડલામાં પથ્થરના ગેટ પરથી પથ્થરો હટાવવા માંગ

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલામાં સ્ટેટ હાઈવે પર સાવરકુંડલાથી અમરેલી તરફ જતાં, સૂર્યોદય પેટ્રોલ પંપ પાસે નગરપાલિકા દ્વારા પથ્થરનો ગેટ બનાવવામાં આવેલ છે. બિપોરજોય વાવાઝોડામાં આ ગેટને નુકસાન થયુ છે. અગાઉ તોકતે વાવાઝોડાએ ઉપર રહેલા બે કેસરી સિંહને ફેંકી દીધા હતા ત્યારે સદભાગ્યે કોઈને ઈજા થઈ નહોતી. આ વખતે ગેટ ઉપર રહેલ એક મંદિર આકારની ઝૂંપડી હવામાં લટકી રહી છે અને ઉપર મોટા-મોટા પથ્થરો છૂટા પડેલા દેખાય છે. જો આ મંદિર કે પથ્થર દૂર કરવામાં નહી આવે તો કોઈ રાહદારી કે વાહનચાલક અકસ્માતનો ભોગ બનશે જેથી કોઈ અકસ્માતનો ભોગ બને તે પહેલા કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.




તસ્વીર : સૌરભ દોશી

# સાવરકુંડલા નગરપાલિકામાં કર્મચારીઓને થતા અન્યાય સામે આવેદનપત્ર અપાયું



સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા કર્મચારી સંઘ દ્વારા લઘુત્તમ વેતન માંગણી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. સંઘના હોદ્દેદારો દ્વારા બહોળી સંખ્યામાં ઉપસ્થિત થઈ ધારાસભ્ય અને પ્રાંત અધિકારીને આવેદન અપાયુ છે. જેમાં લઘુત્તમ વેતનની માંગણી અને સંઘની સત્ય વાતોને દબાવી દેવાના પ્રયાસરૂપે જે હુકમો થયા છે તેને તાત્કાલીક ધોરણથી રદ કરવા તેમજ કર્મચારીઓને લઘુત્તમ વેતન મુજબ પગાર ચૂકવવા તથા બિનજરૂરી બદલી કરાયેલા કર્મચારીઓને ફરી વખત મૂળ જગ્યાએ મૂકવા માંગણી કરાઈ છે.

નર્સીંગ એડમીશન શરૂ છે
• A.N.M • P.B.BSc
• G.N.M • BSc Nursing
Contact No.
9408707080

સ્માર્ટ મેથડ તરફની સંકલ્પના સાકાર કરતું એકમાત્ર કલાસીસ
જ્ઞાનમંજરી કોમર્સ કલાસીસ
૧૩ વર્ષથી ઉચ્ચ શિક્ષણક્ષેત્રે કાર્યરત ડૉ. એન.વી.ગજેરાનાં માર્ગદર્શન અને શિક્ષણકાર્યમાં ચાલતુ એકમાત્ર કલાસીસ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
વિષય : ■ નામાના મૂળતત્વો ■ આંકડાશાસ્ત્ર
પ્રવેશ કાર્ય શરૂ છે.
સંપર્ક : ડૉ. એન. વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : ૮, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.

# સાવરકુંડલામાં રેલ્વે સુવિધા બાબતે પેસેન્જર એસો.ના સભ્ય દ્વારા રજૂઆત કરાઈ

સાવરકુંડલા,તા.૨૧

મહુવાથી સવારે ઉપડતી મહુવા–અમદાવાદ ટ્રેનને વાયા ધંધુકા, ધોળકા ચલાવવા તેમજ ભાવનગર મહુવા તથા મહુવા ભાવનગર બાઢડા સ્ટોપ આપવા બાબતની માંગણી રેલ્વે વિભાગને કરવામાં આવી છે. તેમજ અમદાવાદથી બપોરે ૧૪-૦૦ કલાકે એ જ રૂટ ઉપર મહુવા સુધી ટ્રેન ચલાવવામાં આવે તો આ તમામ ગામના લોકોને અમદાવાદ દવાખાને તથા અન્ય કામે આવવા જવાની સુવિધા મળી શકે તેમ છે. આ બાબતે વહેલી તકે રેલ્વે અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવે જેથી આ વિસ્તારના લોકોની સુવિધામાં વધારો થાય તેમજ ભાવનગરથી સવારે ૯-૦૦ કલાકે ઉપડતી મહુવા ભાવનગરને આવતા-જતા બાઢડા સ્ટોપ આપવામાં આવે તો બાઢડા હાઈવે ઉપરનું ગામ હોય આજુબાજુના ૧૦ ગામોને ભાવનગર તથા મહુવા જવા આવવા માટેની સુવિધા મળી શકે તેમ છે એવું પેસેન્જર એસોસિએશનના સભ્યશ્રી મધુભાઈ ગજેરા દ્વારા રજૂઆતમાં જણાવાયું છે.

LAKSHYA EDUCATION
એડમિશન ચાલુ છે
ધોરણ ૧૦/૧૨ પછી?
હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર (S.I.)
ફાયર સેફ્ટી
ANM
GNM
B.Sc. (Nursing)
PBSC
SC/ST વિદ્યાર્થીઓને સ્કોલરશીપ
NIOS બોર્ડમાં ધોરણ 10/12 (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ) નો અભ્યાસ પૂરો કરી કારકિર્દી બનાવો
Gandhinagar - Ahmedabad - Rajkot
Junagadh - Amreli - Surendranagar
Contact : 7043819956 / 9510140937
lakshyaeducationamreli@gmail.com
http://lakshyaeducation.org.in/
બીજો માળ, સંસ્કાર કોમ્પલેક્ષ લાઠી રોડ, અમરેલી

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કુલ
એકલવ્ય કોમર્સ
ADMISSION OPEN
ડિઝિટલ કોમર્સ | ધોરણ 11 – 12 કોમર્સ | 100% કોમર્સ
ગુજરાતી માધ્યમ
શું કામ SPECIAL COMMERCE? તો આ રહી અમારી વિષેશતાઓ.......
❖ દરેક વિષયનો સરળતાથી શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ.
❖ ધોરણ 11 / 12 માં દરેક વિષયનુ 900 માર્કસનુ પરીક્ષાલક્ષી અતિમહત્વનુ મટીરીયલ .
❖ છેલ્લા 16 વર્ષના બોર્ડનાં પેપરોનુ સોલ્યુશન તેમજ ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ , રીપિટેડલી ટેસ્ટ.
❖ ધોરણ 12 કોમર્સ પુર્ણ થયા બાદ આવતી CA Foundationની ધોરણ 11 કોમર્સથી જ જરૂરી તૈયારી અને માર્ગદર્શન
❖ અમરેલી જીલ્લામાં સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા ડિઝિટલ એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ , પાઠયપુસ્તક તેમજ મટીરિયલ સ્કુલ દ્વારા આપવામા આવશે.
ધો.10 PR આધારીત સ્કોલરશીપ

| ધોરણ 10 PR. | ફી માફી |
|---|---|
| 95થી ઉપર PR | 50% |
| 90 થી 95 PR સુધી | 40% |
| 85 થી 90 PR સુધી | 25% |
| 65 થી 85 PR સુધી | 15% |
| 50 થી 65 PR સુધી | 10% |

બોયઝ અને ગર્લ્સ માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા .
બહાર ગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા .
સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન માટે વિકલી લેક્ચર.
કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથે અભ્યાસ
અમરેલી જીલ્લામા એક્માત્ર ધોરણ 11 કોમર્સથી CA FOUNDATIONની તૈયારી કરાવતી સંસ્થા
એડમિશન મેળવવા માટે તુરંત સંપર્ક કરો.
લાઠી રોડ , કાર વર્ડની પાછળ, નારાયણ નગર , અમરેલી
નિકુંજ ગઢવાલા :- ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા :- ૯૯૭૯૪ ૪૯૬૪૯

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી.નં.૬૯/૨૦૨૩

**અરજદાર :-** શ્રી લાભશંકર રેવાશંકર મહેતા,
રે.શિવ નગર, બ્રાહ્મણ સોસાયટી
બ્લોક નં.૩૫, લાઠી રોડ, અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ચિતલ, તા.જિ.અમરેલી

**અરજદારના વકીલશ્રી, સચિન જી. મહેતા**

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામના રહીશ શ્રી લાભશંકર રેવાશંકર મહેતાએ તેઓની દિકરી સોનલ ડો/ઓ લાભશંકર મહેતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૮ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ,**
**અમરેલી**

-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી.નં.૪૮/૨૦૨૩

**અરજદાર :-** શ્રી ગૌરીબેન તુલસીદાસ દેવમુરારી,
રે.શેડુભાર, તા.જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.શેડુભાર, તા.જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામના રહીશ શ્રી ગૌરીબેન તુલસીદાસ દેવમુરારીએ તેઓના પુત્રશ્રી પરેશકુમાર તુલસીદાસ દેવમુરારીનો જન્મ તા.૦૫/૦૩/૧૯૭૪ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૧/૦૫/૨૦૨૩ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ,**
**અમરેલી**

# ચાંચ ગામની પ્રાથમિક શાળા જિલ્લાની સર્વશ્રેષ્ઠ મોડેલ શાળા બની

### ચાંચ ખાતે સિઝનલ હોસ્ટેલનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે

અમરેલી, તા.૨૧

ચાંચમાં એક સમય એવો હતો કે પ્રાથમિક શાળા હોવા છતાં પણ બાળકો અભ્યાસ અર્થે શાળાએ નહોતા આવતા. તેનું મુખ્ય કારણ વ્યવસાયિક અને અન્ય સ્થિતિ હતા. બાળકો અભ્યાસ કરવા શાળાએ આવવાને બદલે પોતાના માતા-પિતા સાથે તેમના કામના સ્થળે જતાં રહેતા હતા. છેવાડાના આ વિસ્તારમાં સ્થિતિને અનુરુપ સગવડ થઈ શકે તે માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાંચ ખાતે સિઝનલ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રાથમિક શાળાની સાથે સાથે બાળકો માટે આ વિશેષ સુવિધાઓમાં ઉમેરો થતા માતા-પિતાના વ્યવસાયના સ્થળે જવાને બદલે બાળકો ચાંચ પ્રાથમિક શાળામાં આવવા લાગ્યા. જેનો શ્રેય શિક્ષિકા શારાદાબેન વાઘેલાને જાય છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાંચ સ્થિત આ શાળામાં સિઝનલ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે.



શાળાના શિક્ષકોના શિક્ષા યજ્ઞ થકી ચાંચ એ સમગ્ર જિલ્લામાં મોડેલ શાળા બની છે. શાળાના શિક્ષક શારદાબેને જણાવ્યું કે, તેઓ વર્ષ ૨૦૦૪માં ચાંચ ખાતે શિક્ષિકા તરીકે જોડાયા અને શિક્ષણનો યજ્ઞ આજદિન સુધી અવિરત શરુ રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, ઘડિયાળમાં ૨૪ કલાકનો સમય છે જે મારે માટે માત્ર બાળકો અને શાળા માટે જ છે. માતૃત્વ ભાવ સાથે શારદાબેન બાળકોને અભ્યાસની સાથે તેને માર્ગદર્શન, હુંફ, સુરક્ષા, ઉછેર, ઘડતર અને કેળવણી આપે છે. બાળકોના શિક્ષણ પ્રત્યે વધુ સારું શું કરી શકાય તે માટે શાળાના શિક્ષકો સતત કાર્યરત રહે છે. સમગ્ર જિલ્લામાં ચાંચની પ્રાથમિક શાળા એ જિલ્લાની સર્વ શ્રેષ્ઠ શાળા તરીકે ખ્યાતિ પામી ચૂકી છે. ગામનાં વડીલો અને વિદ્યાર્થીઓના વાલીઓનો સંપર્ક કરી શિક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં કિંમતી સમય ઉપરાંત અનેક પ્રકારે સિંહફાળો આપ્યો છે. તેમની મહેનત એટલી રંગ લાવી કે આજે ચાંચ ગામની દીકરીઓ પણ શાળાએ નિયમિત રીતે આવીને અભ્યાસ કરે છે.

## પત્નીના મોતના વિરહમાં પતિએ ગળાફાંસો ખાધો

અમરેલી, તા.૨૧

ચિતલમાં રહેતા અને કડિયાકામ કરતાં ભરતસિંહ અગરસિંહ રાઠોડ (ઉ.વ.૬૨)એ જાહેર કર્યા મુજબ, ભાવનગર પ્રેસ ક્વાર્ટરમાં રહેતા મહોબ્બતસિંહ અગરસિંહ રાઠોડ (ઉ.વ.૪૯)ના પત્ની બે વર્ષ પહેલા મરણ પામ્યા હતા. પત્નીના મોત બાદ એકલવાયું જીવન જીવતા હતા. જેથી પોતાની મેળે ગળાફાંસો ખાઇ લીધો હતો, સારવારમાં લઇ જતાં મરણ પામ્યા હતા. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ એમ.ડી.જોષી વધુ તપાસ કરી રહ્યા છે. જાફરાબાદના બાબરકોટ ગામે રહેતા કાનાભાઈ છનાભાઈ સાંખટની માનસિક બીમારીની દવા ચાલતી હતી, જેથી તેમણે દવામાંથી એક સાથે ઘેનના અનેક ટીકડા પી લેતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું સુનિલભાઈ કાનાભાઈ સાંખટે જાહેર કર્યુ હતું. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી.ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

## લોકપ્રશ્નોના નિવારણ માટે કાર્યાલયનો પ્રારંભ કરતા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા

અમરેલી, તા. ૨૧

અમરેલી, વડીયા-કુંકાવાવના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી તેમજ વડીયા કુંકાવાવના મળીને કુલ ૧૨૬ ગામડાના લોકોને સરકારની વિવિધ યોજનાઓ માટે માર્ગદર્શન અને મદદ તેમજ હુંફ મળે તે માટે અને ધારાસભ્ય સાથે સીધો સંપર્ક સાધી શકાય તે ઉદેશ્યથી કર્તવ્યમ કાર્યાલયને તેમની પુત્રીના હસ્તે પારિવારિક સભ્યોની હાજરીમાં ખુલ્લુ મુક્યું હતુ. અમરેલી વિધાનસભાની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે આ કાર્યાલય કામ કરશે. કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૮૦ જેટલી યોજનાઓને લોકો સુધી પહોંચાડવાનું પ્રબળ માધ્યમ આ કાર્યાલય બનશે. આ ઉપરાંત ડિજિટલ માધ્યમથી પણ લોકો સુધી પહોંચવા માટે એપ્લિકેશન બનાવવાની પ્રક્રિયા પણ હાલ શરૂ હોવાનું તેમણે જણાવ્યું હતુ. જેના થકી લોકોને ખુબ સરળતાથી સરકારી લાભ મળી શકશે.



## પીઠડીયા ગામેથી ૧૦ જુગારી રોકડા ૨૨,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

બગસરા, તા.૨૧

બગસરાના પીઠડીયા ગામે પોલીસે ૧૦ જુગારીને રોકડા ૨૨,૫૫૦ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. હસમુખભાઈ પરશોતમભાઈ બોઘરા, હસમુખભાઈ કાનજીભાઈ બોઘાણી, વિમલભાઈ બાઘાભાઈ ઢોલરીયા, ભાવેશભાઈ બાઘાભાઈ ઢોલરીયા, કિરીટભાઈ બટુકભાઈ ટોલીયા, પરશોતમભાઈ પુનાભાઈ ડોબરીયા, મનિષભાઈ બાલુભાઈ ઉષદળ, બાવચંદભાઈ છગનભાઈ ગોધાણી, નિલેષભાઈ જેરામભાઈ બાબરીયા તથા રાજુભાઈ હરજીભાઈ બાબરીયા જાહેરમાં પૈસાપાનાથી તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા કુલ રોકડા રૂ.૨૨,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ.મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

## પીયાવા ગામે યુવતીના ઘરે આવી ધમકી આપી કારમાં અપહરણ કરી લઈ જવાતાં ચકચાર

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા તાલુકાના પીયાવા ગામે ફિલ્મી સ્ટોરી જેવી જ ઘટના બની હતી. એક યુવતીએ યુવક સાથે લગ્ન કરવાની ના પાડતાં તેના ઘરે ફોરવ્હીલમાં આવી ધાક ધમકી આપી, ગાડીમાં બેસવા મજબૂર કરી અપહરણકર્તા ફરાર થઈ ગયા હતા. ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે યુવતીના ભાઈ હર્ષદગીરી જયસુખગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૫)એ સાવરકુંડલાના ધાર ગામે રહેતા સદામ જુસબભાઇ અગવાન, જશુભાઇ કસુભાઇ ખુમાણ, પ્રવિણભાઇ ઉર્ફે મુનો મગનભાઇ રંગાણી તથા નરેશભાઇ ભીમભાઇ ખાડક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની બહેનને ધાર ગામનો સદામ અગવાન બળજબરી પૂર્વક લગ્ન કરવા ધાક ધમકી આપતો હતો. તેમની બહેને આરોપીને લગ્ન કરવાની ના પાડતા, આરોપીઓ ફોરવ્હીલ કાર લઈ તેમના ઘરે આવ્યા હતા અને તેમની બહેનને ધાક ધમકી આપી, ફોરવ્હીલમાં બેસવા મજબૂર કરી, ગાડીમાં બેસાડી લઈ અપહરણ કરી લઈ ગયા હતા. વંડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.એચ.સેંગલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## નવા માલકનેસ ગામે દેરાણીને જેઠાણી-જેઠે ઢીકાપાટુ માર્યા

ખાંભા, તા.૨૧

આજકાલ જમીન અને માલ-મિલકતના ઝઘડા વધતા જાય છે. જેમાં ભાઈ ભાઈના સંબંધો પણ ભુલાતા જાય છે. ખાંભા તાલુકાના નવા માલકનેસ ગામે મહિલાએ તેની વાડીનો શેઢો ખોદવાની ના પાડતાં જેઠ- જેઠાણી દંપતીએ ઢીકાપાટુ મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદમાં જણાવ્યા મુજબ ફુલબાઈબેન રવજીભાઈ સોલંકી (ઉ.વ.૬૦)ના જેઠ-જેઠાણી દુદાભાઈ રામભાઈ સોલંકી તથા બાજુબેન દુદાભાઈ સોલંકી તેમની વાડીનો શેઢો ખોદતા હતા.

જેથી તેમણે શેઢો ખોદવાની ના પાડતાં જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

## વાંઢ ગામે બહેનને તેડવા આવેલા ભાઈ પર જીવલેણ હુમલો કરાયો

### યુવક અને તેની માતાને ગાળો આપી અપમાનિત કર્યા

જાફરાબાદ, તા.૨૧

જાફરાબાદના વાંઢ ગામે એક યુવક તેની બહેનને તેડવા આવ્યો હતો. આ સમયે તેની સાથે બનેવી ઝઘડો કરતા હતા, જેથી તેણે ઝઘડવાની ના પાડતાં કુહાડીનો ઘા મારી, ગાળો બોલી, જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે કાગવદર ગામે રહેતા ધર્મેશભાઈ મોહનભાઈ મકવાણા (ઉ.વ.૨૧)એ વાંઢ ગામના અશોકભાઈ તથા સુમલબેન સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેની બહેનને તેડવા વાંઢ ગામે ગયા ત્યારે તેની બહેન સાથે અશોકભાઈ ઝઘડો કરતા હતા. જેથી તેમણે ઝઘડો કરવાની ના પાડતા ઘરમાંથી કુહાડી લઈ આવી હુમલો કર્યો હતો.

ઉપરાંત તેમના માતાને પણ ખંભાના ભાગે ધોકો મારી, ઈજા કરી હતી તથા ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.વી.વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૯, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭,
ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિઃ ચતુર્થી
તા.૨૨-૦૬-૨૦૨૩, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૫૯,
સૂર્યાસ્ત-૦૭:૨૩, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૨૨-૦૬-૨૦૨૩ ગુરૂવાર

મેષઃ લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની રહેશે. વ્યવસાયિક કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે.

વૃષભઃ તમે તમારી અંદર ભરપૂર આત્મવિશ્વાસ અનુભવ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

મિથુનઃ પ્રેક્ટિકલ થઇને કોઇ નિર્ણય લેવાથી ઉત્તમ પરિણામ મળી શકે છે. કાર્યક્ષેત્રમાં બધા કામ યોગ્ય રીતે પૂર્ણ થતાં જશે.

કર્કઃ પરિવાર સાથે શોપિંગ તથા હરવા-ફરવાનો પ્રોગ્રામ બનશે. વ્યવસાયિક સ્થળે તમારું વર્ચસ્વ જળવાયેલું રહેશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.

સિંહઃ ક્યારેક વધારે વિચારવામાં સમય લગાવવાથી પરિસ્થિતિ હાથમાંથી સરકી શકે છે. શરીરમાં દુઃખાવાની સમસ્યા રહેશે.

કન્યાઃ સફળતાના કારણે ક્યારેક તમારી અંદર અહંકારની ભાવના પણ આવી શકે છે. જીવનસાથીના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું.

તુલાઃ રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.

વૃશ્ચિકઃ પતિ-પત્ની વચ્ચે નાનો વિવાદ રહેશે. પરંતુ તેનાથી સંબંધો ગાઢ બનશે. આ સમયે બનાવેલી યોજના નજીકના ભવિષ્યમાં શુભ અવસર પ્રદાન કરશે.

ધનુઃ જૂની નકારાત્મક વાતોને યાદ કરવાની જગ્યાએ વર્તમાન ઉપર ધ્યાન આપો. યોગ અને કસરત કરતાં રહો.

મકરઃ વ્યવસાયિક કાર્ય સમય પ્રમાણે પૂર્ણ થતાં જશે. ક્યારેક તમારો શંકાવાળો સ્વભાવ સંબંધને ખરાબ કરી શકે છે.

કુંભઃ કોઇ નજીકના સંબંધીની દખલ તમારા ઘર અને વેપારમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. જીવનસાથી સાથે ચાલી રહેલાં થોડા મતભેદો દૂર થશે.

મીનઃ વ્યવસાયિક ગતિવિધિઓમાં તમારા સહયોગીઓની સલાહને પણ સર્વોપરી રાખો. એકાગ્રતામાં થોડો ઘટાડો આવી શકે છે.

## અમર ડેરી અમરેલી અને જીસીએમએમએફના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ

અમરેલી, તા. ૨૧

૨૧ જૂને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી.સાથે સાથે ભારત દેશમાં પણ સ્વસ્થ ભારત, તંદુરસ્ત ભારતની થીમ પર દેશભરમાં યોગના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જે સંદર્ભે અમરેલી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. અમર ડેરી અમરેલી અને જીસીએમએમએફના સંયુકત ઉપક્રમે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે અશ્વીનભાઈ સાવલીયા, ભાવનાબેન ગોંડલીયા, ભાવનાબેન સતાસીયા, ચંદુભાઈ રામાણી, ધાર્મીકભાઈ રામાણી તેમજ કર્મચારી પરિવાર હાજર રહ્યા હતા.



## લોઠપુર ગામે ગાળો આપવાની ના પાડતાં લોખંડના પાઈપનો ઘા માર્યો

જાફરાબાદ, તા.૨૧

જાફરાબાદના લોઠપુર ગામમાં રહેતા મનુભાઈ નાથાભાઈ મકવાણા (ઉ.વ.૨૫)એ સંજયભાઈ સોંડાભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના ઘરની ખડકી પાસે બેઠા હતા ત્યારે આરોપી તેમને ગાળો આપતા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીને સારૂ નહોતું લાગ્યું અને લોખંડના પાઈપ વડે માર મારીને મુંઢ ઈજા કરી હતી.

## મારે દારૂ પીવો છે, બતાવ ક્યાં મળે કહી યુવકના માથામાં હાથમાં પહેરેલું કડુ માર્યુ

અમરેલી, તા.૨૧

અમરેલીમાં પ્રોહિબીશનની બદીને ડામવા પોલીસ રાત દિવસ કામગીરી કરી રહી છે, આ દરમિયાન એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મારે દારૂ પીવો છે, બતાવ ક્યાં મળે તેમ કહી યુવકના માથામાં હાથમાં પહેરેલું કડુ મારવામાં આવ્યું હતું. આ અંગે વાંકીયા ગામે રહેતા મહાવીરભાઈ દીલુભાઈ વાળા (ઉ.વ.૨૨)એ દેવરાજીયા ગામના મનીષ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ મોટર સાયકલ લઈ બગસરાથી વાંકિયા ગામે જતા હતા ત્યારે ગાવડકા ગામે પાન માવો ખાવા ઉભા હતા. આ સમયે આરોપીએ આવી તેની મોટર સાયકલ ઉભી રાખી મારે દારૂ પીવો છે, બતાવ ક્યાં મળે તેમ કહી બોલાચાલી કરી ગાળો આપવા લાગ્યો હતો. આ સમયે તેમણે તેના હાથમાં પહેરેલું કડું માથામાં માર્યું હતું. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## - :: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહિ કરનાર નં.(૧) **વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ સુરજીવાળા**, (૨) **ઉર્મીલાબેન વલ્લભભાઈ સુરજીવાળા**, (૩) **પંકજભાઈ વલ્લભભાઈ સુરજીવાળા**, (૪) **કિશોરીબેન પંકજભાઈ સુરજીવાળા**, (૫) **અમીતકુમાર વલ્લભભાઈ સુરજીવાળા તથા** (૬) **કોમલબેન અમીતકુમાર સુરજીવાળા તમામ** રહે, ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક નં. ૩૯, કાણકીયા કોલેજની બાજુમાં, ગુરૂકુળ રોડ, મું. સાવરકુંડલા, જી. અમરેલી. વાળા જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમારા નીચે જણાવેલ અમો નં.૧ તથા ૨ના પુત્રવધુ તથા નં.૩ તથા ૫ ના ભાભી તથા નં.૪ તથા ૬ ના જેઠાણી **મીતલબેન વિનયભાઈ સુરજીવાળા** રહે. ગોકુલ બંગ્લોઝ, પરશુરામ પાર્ક, જામનગર રોડ, માધાપર ચોકડી, રાજકોટ. વાળા છેલ્લા ૧૫ વર્ષથી અમારાથી અલગ રહે છે અને રાજકોટ મુકામે રહે છે. અમારી સાથે રહેતા નથી, અમારા કહ્યામાં નથી તથા અમારે તેની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર/સંબંધ કે લેવા-દેવા અમારે નથી અને તેને અમોને અમારી સ્થાવર જંગમ મિલ્કતમાંથી તમામ લાગ-ભાગ હક્ક-હિસ્સા તથા વારસામાંથી ઘણા સમયથી બાકાત કરેલ છે. આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, આ **મીતલબેન વિનયભાઈ સુરજીવાળા** દ્વારા કરાયેલ કોઈપણ પ્રકારના વ્યવહાર, ફરીયાદો કે અરજ અહેવાલ, લેતી-દેતી તેમજ કોઈપણ નાણાકીય વ્યવહારોમાં અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

**સ્થળઃ- સાવરકુંડલા**
**તારીખઃ- ૨૦/૦૬/૨૦૨૩**

**સહિ,**....................
**સહિ,**....................
**સહિ,**....................
**સહિ,**....................
**સહિ,**....................
**સહિ,**....................




તંત્રી લેખ

## ભારતની વિદેશ નીતિ સામે અમેરિકા વામણું લાગે

પ્રાચીન ભારતના મહાન રાજનીતિજ્ઞ ચાણક્યના સૂત્ર મુજબ ભારતની રાજનીતિ સર્વોચ્ચ લાગે છે. મિત્ર અને શત્રુને સાથે રાખવા શું કરવું જોઈએ તેની ચાણક્યએ ખુબ સરસ સમજૂતી આપી છે આ વાતને અમલમાં લાવીને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયા અને અમેરિકા બંને સાથે સારી રીતે સંબંધો નીભાવ્યા છે, બંને સાથે મિત્રતા રાખી છે. આમ જોઈએ તો રશિયા અને અમેરિકા પરંપરાથી સામસામે મોરચે છે, એકબીજાને દુશ્મન માને છે. જો ભારત રશિયા સાથે સંબંધ રાખે તો અમેરિકા નારાજ થાય અને જો અમેરિકા સાથે સંબંધ રાખે તો રશિયા નારાજ થાય આ બંને દેશોના સંબંધો વચ્ચે બેલેન્સ કેમ રાખવું અને બંને દેશની પાસેથી સારા સંબંધોની અપેક્ષા રાખવી એ સહેલું કામ નથી પરંતુ ચાણક્યની રાજનીતિ મુજબ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીત નીતિ અપનાવી છે તેની સફળતા આજે દુનિયા જોઈ રહી છે. હાલ નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસે જ છે અને આખું અમેરિકા આમ પૂછો તો મોદીમય બની ચૂક્યું છે એમ કહીએ તો પણ ખોટું નથી. ભારત અમેરિકા પાસેથી હથિયાર ખરીદતું હતું, પરંતુ વર્ષ ૧૯૭૧માં પાકિસ્તાન સાથેના યુદ્ધ બાદ, અમેરિકાએ એક પણ હથિયાર મોકલવાની ના પાડી હતી. ભારત પછી રશિયા તરફ વળ્યું. હાલના દિવસોમાં, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફૉર સ્ટ્રેટજિક સ્ટડીઝ (આઈઆઈએસએસ) પ્રમાણે, ભારતનાં ૯૦ ટકા હથિયારબંધ વાહનો, ૬૯ ટકા કૉમ્બેટ ઍરક્રાફ્ટ અને ૪૪ ટકા યુદ્ધજહાજો અને સબમરીન રશિયામાં બનેલાં છે. હાલનાં વર્ષોમાં, જોકે, ભારતે અમેરિકા સાથે અમુક સુરક્ષા સમજૂતીઓ કરી છે અને અમેરિકામાં બનેલાં હથિયારોની ખરીદી વધારી છે. જોકે, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વર્ષ ૨૦૨૦ના પોતાના ભારત પ્રવાસ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી તરફથી મૂકવામાં આવેલ ફ્રી ટ્રેડની સમજૂતી સાથે સહમત નહોતા થયા. અને આ દરમિયાન, ભારતે અન્ય મહત્ત્વની સત્તાઓ સાથે મિત્રતા જાળવી રાખી છે.

યુક્રેન પર આક્રમણ કરતા રશિયાની ટીકા કરવાની પણ ભારતે ના પાડી દીધી અને સતત રશિયા પાસેથી ઑઈલ ખરીદવાનું ચાલું રાખ્યું, જ્યારે પશ્ચિમી દેશોએ મૉસ્કો ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો. રશિયા પર પ્રતિબંધ હોવા છતાં ભારતે તેમની વેપાર ઉદ્યોગની સમજુતી મુજબ કામ ચાલુ રાખ્યું અને આનાથી અમેરિકા થોડું રોષે ભરાયું પરંતુ તેની અવગણના કરીને ભારતે રશિયા સાથેના વ્યાપારિક અને રાજનૈતિક સંબંધો સારી રીતે નિભાવ્યા જોકે આ અમેરિકાને જરાય ગમતું નહોતું પરંતુ ભારત સાથે સંબંધ બગાડવા અમેરિકાને કોઈ સંજોગોમાં પોસાય તેમ નહોતા આથી તેણે ભારત સાથે મૈત્રી ભર્યા સંબંધો ચાલુ રાખ્યા છે. ભારત સાથે સંબંધો તોડવાથી અમેરિકા મોટી નુકસાનીમાં જાય તેમ છે કારણકે અમેરિકાની સમૃદ્ધિ ત્યાં વસતા ભારતીયોને આભારી છે. આર્થિક ક્ષેત્રમાં પણ અમેરિકામાં ભારતનો ડંકો વાગે છે ભારતનો પટેલ પાવર અમેરિકાને જે બુસ્ટ કરે છે તે જેવો તેવો નથી. ભારતનો ઔદ્યોગિક વિકાસ જોતા અમેરિકા જેવા દેશો પણ આજે આશ્ચર્યચકીત થાય છે. ચીન સાથે પણ વેપાર ખૂબ ઝડપથી વિકસી રહ્યો છે અને ચીન ભારતના ટોચના વેપારી ભાગીદાર તરીકે અમેરિકા સાથે સ્પર્ધા કરે છે. આઈઆઈએસએસમાં દક્ષિણ એશિયાના વિશ્લેષક વિરાજ સોલંકી કહે છે, "ભારત અલગ-અલગ સત્તા સાથે અલગ-અલગ મુદ્દાઓ માટે જોડાણ કરે છે, પરંતુ કોઈપણ સાથે ગઠબંધન કરવાની ખાતરી નથી આપતું."

# વૈશ્વિક મંચ પર ભારતની બોલબાલા




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

૧૯૪૭ થી ભારત આઝાદ થયું ત્યારથી ભારતની રાજનીતિમાં મોટા પરિવર્તનો થયા છે. પંડિત નેહરુનો ચાઈના તરફનો પ્રેમ અને તેમાં પણ ચાઈનાએ આપી દીધી વિશ્વાસઘાતની ભેટ. હવે વિશ્વના રંગમંચ પર ભારતનો દબદબો વધી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી અખબાર વૉલ સ્ટ્રીટ જર્નલને આપેલા એક ઈન્ટરવ્યૂમાં અમેરિકા સાથે વધુ ગાઢ સંબંધો અને વૈશ્વિક સંસ્થાઓમાં જડમૂળ પરિવર્તનો માટે આહ્વાન કર્યું છે. આ ઈન્ટરવ્યૂમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધો અત્યાર સુધીમાં સૌથી મજબૂત છે. ભૌગોલિક-રાજનૈતિક ઊથલપાથલ વચ્ચે પણ ભારત વૈશ્વિક મંચ પર પોતાની જગ્યાને વધુ મજબૂત અને સુરક્ષિત બનાવી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સવારે અમેરિકાના ચાર દિવસીય પ્રવાસે રવાના થયા છે. આ એમનો અમેરિકાનો પહેલો અધિકૃત રાજકીય પ્રવાસ છે. આ પ્રવાસ પહેલાં વડા પ્રધાન મોદીએ અખબાર સાથે ભારતની વિદેશનીતિ સંદર્ભે વાતચીત કરી હતી. અમેરિકા અને ભારતના નેતાઓ વચ્ચે 'અભૂતપૂર્વ ભરોસો' છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા સાથે રક્ષા ક્ષેત્રમાં વધી રહેલા સહયોગને બંને દેશો વચ્ચે મજબૂત થઈ રહેલા સંબંધોનો આધારસ્તંભ ગણાવ્યો છે. એમણે કહ્યું છે કે ભારત અને અમેરિકાની ભાગીદારી કારોબાર, ટેકનોલૉજી અને ઊર્જા ક્ષેત્રમાં પણ છે. મોદી તેમના અમેરિકા પ્રવાસ દરમિયાન અનેક મહત્ત્વના સોદા પણ કરી શકે છે. ભારતમાં જ જેટ ફાઈટર એન્જિન બનાવવાનો સોદો પણ કરી શકે છે. ભારત અમેરિકા પાસેથી ઊંચાઈ પર ઊડી શકે તેવા પ્રિડેટર ડ્રોન પણ ખરીદી શકે છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી પશ્ચિમી દેશોના પ્રતિબંધોને અવગણીને ભારતે રશિયા પાસેથી સસ્તા દરે કાચું તેલ ખૂબ મોટી માત્રામાં ખરીદ્યું છે તેમ છતાં પણ અમેરિકા તેના ભારત સાથેના સંબંધો મજબૂત કરી રહ્યું છે, કારણ કે અમેરિકાને એ આશા છે કે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં વધતા ચીનના પ્રભાવને ભારત વડે ખાળી શકાશે. ભારત વૈશ્વિક રાજકારણમાં ભૂમિકા નિભાવી રહ્યું છે અને વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પણ યોગદાન આપી રહ્યું છે. દરમિયાન નરેન્દ્ર મોદીએ ગ્લોબલ સાઉથના નેતા તરીકે ભારતનો પરિચય કરાવ્યો અને કહ્યું કે વિકાસશીલ દેશોની લાંબા સમયથી કરવામાં આવી રહેલી અવગણનાનો ભારત આશાભર્યો અવાજ બની શકે છે. 'ભારત એક ઉચ્ચ, વ્યાપક અને મોટી ભૂમિકાનું હકદાર છે.' વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય વૈશ્વિક સંસ્થાઓમાં પણ પરિવર્તન લાવવાનું આહ્વાન કર્યું હતું. એમણે કહ્યું હતું કે આ સંસ્થાઓએ બહુધ્રુવીય બની રહેલા વિશ્વ અનુસાર પોતાનામાં પણ બદલાવ લાવવો જોઈએ. જેથી કરીને તેઓ દુનિયાના ઓછા પ્રભાવશાળી દેશોની જળવાયુ પરિવર્તન જેવી પ્રાથમિકતાઓનું પણ વ્યાપકપણે પ્રતિનિધિત્વ કરી શકે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતના સૌથી ચર્ચિત નેતાઓમાં સામેલ છે. એમના નેતૃત્વમાં ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯માં પૂર્ણ બહુમતીથી લોકસભાની ચૂંટણી જીતી છે. ભારતમાં આવતા વર્ષે ચૂંટણીઓ થવાની છે. વૉલ સ્ટ્રીટ જર્નલે લખ્યું છે કે ભારતમાં મોદીની સ્વીકાર્યતાનું રેટિંગ હજુ પણ ઊંચું છે. ભારતમાં ભાજપના રાજનૈતિક વિરોધીઓ અને માનવાધિકાર કાર્યકર્તાઓ ભાજપ પર દેશમાં ધર્મને આધારે ભાગલા પડાવવાનો આરોપ લગાવે છે. વિવેચકો મીડિયા સ્વતંત્રતા વિશે, કાશ્મીરના વિશેષ દરજ્જાને સમાપ્ત કરવો જેવા સવાલો પણ ઉઠાવે છે. ભારત તેની વિવિધતા પ્રત્યે માત્ર સહિષ્ણુ નથી પરંતુ તેની ઉજવણી પણ કરે છે. "હજારો વર્ષોથી, ભારત એક એવી ભૂમિ છે જ્યાં દરેક ધર્મ અને માન્યતા ધરાવતા લોકોને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને સમૃદ્ધિની સ્વતંત્રતા મળી છે. દુનિયાના દરેક ધર્મના લોકોને તમે ભારતમાં શાંતિ અને સૌહાર્દથી રહેતા જોઈ શકશો." મોદીએ કહ્યું, "બધા દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને બીજા દેશોની સંપ્રભુતાનું સન્માન કરવું જોઈએ. મુત્સદ્દીગીરી અને વાટાઘાટ દ્વારા વિવાદોનો ઉકેલ લાવવો જોઈએ. ભારત યુદ્ધનો અંત લાવવાના તમામ સાચા પ્રયાસોને સમર્થન આપે છે અને સ્થાયી શાંતિ અને સ્થિરતા લાવવા માટે તમામ સંભવિત પગલાં ભરવા માટે તૈયાર છે." "આતંકવાદ, ગોરીલા યુદ્ધો અને વિસ્તારવાદ જેવી વિશ્વની મોટા ભાગની સમસ્યાઓનું કારણ એક જ છે કે- વૈશ્વિક સંસ્થાઓનું નિષ્ફળ થઈ જવું." આ સંસ્થાઓની નિષ્ફળતાથી ખાલી પડેલી જગ્યામાં નાનાં પ્રાદેશિક જૂથો ઊભાં થયાં. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર જેવી વૈશ્વિક સંસ્થાઓમાં બદલાવ આવવો જ જોઈએ. મોદીએ કહ્યું, "મુખ્ય સંસ્થાઓના સભ્યોને જુઓ, શું તે હકીકતમાં લોકતાંત્રિક મૂલ્યોનો અવાજ રજૂ કરે છે? આફ્રિકા જેવા દેશો પાસે શું તેમનો અવાજ છે? ભારતની આટલી મોટી વસ્તી છે અને તે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પણ ચમકી રહ્યું છે, પરંતુ શું ભારતને તેમાં સ્થાન મળ્યું છે?" શાંતિ અભિયાનમાં ભારતીય સૈનિકોની ભૂમિકા પર બોલતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સામેલ થવાની ભારતની ઈચ્છાનો પણ સંકેત આપ્યો હતો. મોદીએ કહ્યું, "હાલની સદસ્યતાનું મૂલ્યાંકન કરવું જોઈએ અને વિશ્વને પૂછવું જોઈએ કે શું તે ઈચ્છે છે કે ભારતને તેમાં સામેલ કરવામાં આવે? ભારતની વિદેશ નીતિમાં હવે બદલાવ આવ્યો છે. ભારતે પાછલાં અમુક વર્ષોમાં પોતાની વિદેશ નીતિ દ્વારા સ્પષ્ટ કરી દીધું છે કે તે અન્ય કોઈ દેશના દબાણને અવગણીને પોતાનાં હિતોને સર્વોપરી રાખીને યોગ્ય વલણ અપનાવશે. રશિયા-યુક્રેન યુદ્ધ આ બાબતનું એક મોટું ઉદાહરણ છે, જ્યાં ભારતે પશ્ચિમના દેશોનાં દબાણ અને ટીકાની પરવા કર્યા વગર રશિયા પાસેથી ઑઈલ ખરીદવાનું ચાલુ રાખ્યું. "ભારત વિશ્વનો એક મહત્ત્વપૂર્ણ દેશ છે કારણ કે અમેરિકા સાથે તેના સારા સંબંધ છે તેમજ રશિયા સાથે પણ તેના સંબંધ બહેતર છે. ચીન અને ભારત વચ્ચે તાણ જરૂર છે, પરંતુ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ જી-૨૦માં સામેલ થવા આવશે. રશિયા, અમેરિકા, ચીનને એક રૂમમાં લાવવાનાં દમ અને નીતિ ભારત જ ધરાવે છે." "જો જી-૨૦ સંમેલન કૅનેડામાં આયોજિત કરાયું હોત તો કદાચ રશિયા અને ચીન કૅનેડા ન ગયાં હોત. પરંતુ વર્તમાન સમયે એકબીજાનો ખૂલીને વિરોધ કરનારા દેશો એક મંચ પર એક સાથે આવી શકે, એ વાત ભારતના કારણે જ શક્ય બની શકશે."

**ભારતની તટસ્થ રાજનીતિ અને રાજકીય કુનેહથી એક બીજાથી તદ્દન વિરોધી દેશો વચ્ચે પણ ભારતે સમતોલ વલણ રાખ્યું છે રશિયા અને અમેરિકા તદ્દન વિરોધી દેશો છે આ બંને દેશો ભારતને સપોર્ટ કરે છે ચીન અને પાકિસ્તાન સિવાય અન્ય કોઈ દેશો ભારતના વિરોધમાં નથી તે મોટી સફળતા છે.**

## શબ્દ સંજોગ-૧૬૨૦



**આડી ચાવી :**
(૧) મહાભારતનો એક યોદ્ધો (૨)
(૩) અવનતિ,પડતી (૪)
(૬) થાક ખાવો તે (૩)
(૧૦) હાથ,કર (૨)
(૧૧) પશ્ચિમ આફ્રિકાનો એક દેશ (૨)
(૧૨) દૂર,અતીત (૨)
(૧૩) હાથીના લમણામાંથી ઝરતો મદ (૨)
(૧૪) છોકરી (૨)
(૧૫) એક પક્ષી (૩)
(૧૭) ગરમી,આંચ (૨)
(૧૯) દેવદેવી પ્રસન્ન થઈ આશા પૂરી પાડવા આપેલું વચન (૪)
(૨૧) રમવાનો પાસો (૨)
(૨૨) મરનારની મિલકતનો હકદાર (૩)
(૨૩) સેવા કરનારો (૩)
(૨૪) શાંતિયુક્ત,શમેલું (૩)
(૨૫) કામઠું,ધનુષ (૩)
(૨૬) ખુશ (૨)
(૨૭) તાસક, તાટ (૨)
(૨૮) કિંમત,મૂલ્ય (૨)

**ઊભી ચાવી :**
(૧) કાચુંકોરું, અપરિપકવ (૬)
(૨) પિતાના સાઢુભાઈ (૨)
(૪) નિશ,રાત (૨)
(૫) એક વાસણ (૩)
(૬) સિવાય,વગર (૨)
(૭) શ્રી કૃષ્ણ (૩)
(૯) શેરડીનું કોલું (૩)
(૧૧) મણકા વગેરે પરોવી કરેલો હાર (૨)
(૧૪) પિતા (૨)
(૧૬) કલેજું,કાળજું (૩)
(૧૭) અકબરના નવરત્નો માનો એક (૪)
(૧૮) પાર્વતીના પિતા (૨)
(૨૦) જનાવર,કસરત વગેરેના ખેલનો તમાસો (૪)
(૨૧) કૃપા,માન (૪)
(૨૨) હકીકત,વૃતાંત (૨)
(૨૪) ધીરજ,ખામલશ (૨)

## શબ્દ સંજોગ-૧૬૧૯ જવાબ

**આડી ચાવી:** (૧) નામકરણ (૪) શલાકા (૭) રેત (૮) ખરખર (૯) દમણ (૧૨) વૃષભ (૧૪) અર (૧૫) ખાસડું (૧૭) નહેર (૧૮) ગજગજ (૨૦) સર્પ (૨૧) ચરમ (૨૨) કાપ (૨૩) નેક (૨૪) નારંગી (૨૬) રજૂ (૨૭) લીલા (૨૮) ઘાસ.
**ઊભી ચાવી:** (૧) નારદ (૨) કરેણ (૩) રત (૪) શરમ (૫) લાખ (૬) કારભાર (૧૦) મદ્રાસ (૧૧) મેષ (૧૩) ભનજ(ભજન) (૧૪) અરસપરસ (૧૫) ખાડો (૧૬) ડુંગર (૧૯) જમના (૨૧) ચકલી (૨૫) રંજ.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૦ | ૧૫૦૭ |
| ઘઉં લોકવન | ૪૧૭ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૩૮ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૫૦ | ૪૬૫ |
| તુવેર | ૧૫૨૫ | ૧૯૭૦ |
| ચણા પીળા | ૮૬૦ | ૯૫૫ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૩૭૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૮૦ |
| મગ | ૧૬૬૦ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૨૯૫૦ | ૩૨૬૦ |
| ચોળી | ૧૬૦૦ | ૧૯૮૦ |
| વટાણા | ૮૦૦ | ૧૧૫૦ |
| કળથી | ૧૨૫૦ | ૧૬૭૦ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૧૮૪૦ |
| મગફળી જાડી | ૧૨૯૦ | ૧૪૨૪ |
| મગફળી જીણી | ૧૩૦૦ | ૧૫૪૦ |
| તલી | ૨૪૫૦ | ૨૬૮૦ |
| સુરજમુખી | ૫૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૧૦ | ૧૧૧૭ |
| અજમો | ૨૦૦૦ | ૨૮૦૦ |
| સુવા | ૨૦૦૦ | ૨૬૦૦ |
| સોયાબીન | ૯૧૧ | ૯૬૫ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૭૧૫ |
| કાળા તલ | ૨૪૭૦ | ૨૮૬૦ |
| લસણ | ૬૨૫ | ૧૩૭૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૫૦૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૬૭૦ |
| વરીયાળી | ૨૯૦૦ | ૩૩૦૦ |
| જીરૂ | ૭૯૦૦ | ૮૫૬૦ |
| રાય | ૧૦૨૦ | ૧૧૮૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૯૦ |
| કલોંજી | ૨૪૦૦ | ૩૦૭૪ |
| રાયડો | ૮૬૦ | ૯૭૦ |
| રજકાનું બી | ૩૨૦૦ | ૪૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૩૦ | ૧૦૬૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૨૫૦ | ૭૫૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૧૦૦ |
| સાકરટેટી | ૧૨૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૫૦ | ૪૫૦ |
| બટેટા | ૧૩૦ | ૨૭૦ |
| ડુંગળી સુકી | ૭૦ | ૨૪૦ |
| ટમેટા | ૧૨૦ | ૨૫૦ |
| સુરણ | ૩૫૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૫૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૩૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૭૫૦ |
| ભીંડો | ૩૫૦ | ૭૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| ચોળાસીંગ | ૩૫૦ | ૫૨૦ |
| વાલોળ | ૭૫૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| ટીંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૬૫૦ |
| પરવર | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૫૦ |
| ગાજર | ૨૫૦ | ૬૦૦ |
| વટાણા | ૭૦૦ | ૧૨૫૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૩૫૦ |
| મેથી | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૯૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૩૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૮૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૪૬ | ૧૪૮૬ |
| શિંગ મઠડી | ૧૩૮૨ | ૧૪૨૭ |
| શિંગ મોટી | ૧૨૧૦ | ૧૪૭૧ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૨૦૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૯૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૮૪૧ |
| તલ કાળા | ૨૪૫૬ | ૨૮૭૫ |
| તલ કાશ્મીરી | ૨૪૦૦ | ૩૧૮૦ |
| જુવાર | ૪૦૦ | ૧૧૦૯ |
| બાજરો | ૩૪૧ | ૪૧૬ |
| ઘઉં લોકવન | ૪૫૭ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૬૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૭૯ |
| અડદ | ૭૦૦ | ૧૮૩૫ |
| ચણા | ૭૦૦ | ૯૮૧ |
| ચણા દેશી | ૮૨૦ | ૯૬૩ |
| તુવેર | ૧૨૦૦ | ૧૯૨૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૧૮ |
| જીરુ | ૯૨૦૦ | ૯૯૦૦ |
| રાય | ૮૦૦ | ૧૦૫૫ |
| ધાણા | ૭૧૦ | ૧૨૦૦ |
| ધાણી | ૯૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૧૦ |
| સોયાબીન | ૯૪૬ | ૯૬૯ |
| **અમરેલી-શાકભાજી** | | |
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૫૫૦ | ૭૦૦ |
| કોબીઝ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૭૫૦ | ૧૧૦૦ |
| સુરણ | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૪૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| વટાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| પાકી કેરી | ૪૦૦ | ૮૦૦ |
| કાચી કેરી | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૩૦૦૦ | ૩૨૦૦ |
| કોથમીર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડારા | ૪૫૦ | ૫૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ચોળા | ૮૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૨૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| ડુગળી સુકી | ૨૦૦ | ૩૨૦ |
| પાલક | ૪૫૦ | ૫૫૦ |
| લસણ સુકુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-જીણી | ૧૨૦૧ | ૧૪૦૧ |
| શીંગ-મોટી | ૧૧૫૧ | ૧૫૪૧ |
| શીંગ-દાણા | ૧૮૫૧ | ૨૦૫૧ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૬૧ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૦૨૫ |
| જીરુ | ------ | ૯૮૦૦ |
| કપાસ | ૧૧૭૦ | ૧૪૭૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૬ |
| બાજરો | ૩૮૦ | ૪૫૦ |
| જુવાર | ૬૫૦ | ૧૦૬૫ |
| મકાઈ | ૪૫૦ | ૬૨૭ |
| મગ | ૧૫૭૫ | ૧૭૦૧ |
| ચણા | ૮૮૦ | ૯૬૩ |
| તુવેર | ૧૬૦૦ | ૧૮૦૧ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૪૭ |
| સોયાબીન | ૮૮૦ | ૯૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૫ |
| મગફળી | ૧૨૪૫ | ૧૪૦૫ |
| ચણા | ૮૯૨ | ૯૩૮ |
| ઘઉં | ૪૨૫ | ૪૬૫ |
| મગ | ૧૩૦૦ | ૧૩૫૦ |
| **રાજુલા** | | |
| જુવાર | ૫૦૦ | ૧૧૨૨ |
| બાજરો | ૩૮૧ | ૪૫૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૯૦ |
| મગ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૪૭૦ | ૪૭૦ |
| અડદ | ૧૬૩૫ | ૧૬૩૫ |
| ચણા | ૭૦૦ | ૯૧૧ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગદાણા | ૨૦૪૦ | ૨૦૬૦ |

| | | |
|---|---|---|
| સફેદ તલ | ૨૫૦૦ | ૨૭૧૧ |
| કાળા તલ | ૨૦૦૧ | ૨૩૫૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૫૦૦ | ૫૦૦ |
| સોયાબીન | ૯૫૧ | ૯૮૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૧૧૫૫ |
| બાજરી | ૩૫૦ | ૪૫૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૯૯ |
| મગ | ૧૫૦૦ | ૧૮૫૫ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૬૫ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૯૦ |
| ચોળી | ૧૫૦૦ | ૨૧૬૦ |
| વાલ | ૨૦૦૦ | ૨૩૪૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૫૦ |
| ચણા | ૯૦૦ | ૯૮૬ |
| મગફળીજીણી | ૧૧૦૦ | ૧૫૪૦ |
| મગફળીજાડી | ૧૧૨૫ | ૧૪૭૦ |
| એરન્ડા | ૯૫૦ | ૧૧૬૩ |
| તલી | ૨૫૦૦ | ૨૮૧૦ |
| રાયડો | ૮૦૦ | ૯૧૯ |
| રાય | ૧૦૦૦ | ૧૧૬૫ |
| લસણ | ૫૭૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૫ |
| જીરૂ | ૭૦૦૦ | ૧૦૨૨ |
| અજમો | ૧૭૭૫ | ૩૩૦૦ |
| અજમાનીભુસી | ૫૦ | ૨૭૯૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૦૫ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૯૦૫ |
| સોયાબીન | ૯૦૦ | ૯૪૦ |
| વટાણા | ૫૦૦ | ૯૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૨૪ | ૧૪૬૨ |
| ચણા | ૯૩૧ | ૯૩૧ |
| જુવાર | ૯૨૦ | ૯૨૧ |
| તલ સફેદ | ૨૬૭૫ | ૨૭૦૦ |
| ચણા સફેદ | ૧૨૯૯ | ૧૨૯૯ |
| તુવેર | ૧૭૩૬ | ૧૭૩૬ |
| રાય | ૯૦૧ | ૯૦૧ |
| શીંગદાણા | ૧૫૯૦ | ૨૦૦૩ |
| એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૮ |
| ઘઉં | ૩૫૦ | ૪૯૬ |
| જુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ચણા | ૮૦૦ | ૯૩૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૮૯૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૧૬ |
| શીંગફાડા | ૧૩૫૦ | ૧૬૨૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૯૦ |
| એરંડા | ૧૧૩૨ | ૧૧૩૨ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૫૦ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| ધાણા | ૮૦૦ | ૧૧૦૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૮૦૦ | ૯૭૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૩૦ | ૧૩૫૧ |
| ચણા | ૯૦૩ | ૯૨૫ |
| તલ | ૨૬૦૧ | ૨૬૦૫ |
| સોયાબીન | ૯૪૮ | ૯૮૫ |
| મગ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| એરંડા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| શીંગ દાણા | ૧૨૨૫ | ૨૧૨૫ |
| શીંગ ફાડા | ૧૨૪૦ | ૧૭૨૦ |
| અજમા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૫૧૧ | ૫૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૦૦૧ | ૧૫૦૧ |
| ઘઉંલોકવન | ૪૩૦ | ૫૩૪ |
| ઘઉંટુકડા | ૪૩૪ | ૬૧૨ |
| મગફળી જીણી | ૧૨૨૧ | ૧૪૩૧ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૬૬ |
| મગફળી નવી | ૯૭૫ | ૧૪૭૬ |
| સિંગદાણાજાડા | ૧૮૦૦ | ૨૧૮૧ |
| સિંગફાડીયા | ૭૯૧ | ૧૭૬૧ |
| એરંડા-એરંડી | ૯૦૦ | ૧૧૩૬ |
| તલ-તલી | ૨૦૦૦ | ૨૮૪૧ |
| તલ કાળા | ૨૦૦૧ | ૨૯૫૧ |
| જીરૂ | ૪૪૦૧ | ૧૦૫૫૧ |
| કલંજી | ૨૫૦૦ | ૩૨૮૧ |
| વરીયાળી | ૮૨૬ | ૩૩૨૬ |
| ધાણા | ૮૦૧ | ૧૪૫૧ |
| ધાણી | ૯૦૧ | ૧૬૯૧ |
| મરચા | ૧૮૦૧ | ૩૫૦૧ |
| લસણસુકું | ૮૫૧ | ૧૬૮૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૧ |
| બાજરો | ૩૫૧ | ૩૭૧ |
| જુવાર | ૯૦૦ | ૧૨૬૧ |
| મકાઈ | ૫૯૧ | ૫૯૧ |
| મગ | ૧૨૦૦ | ૧૮૦૧ |
| ચણા | ૮૦૧ | ૯૮૧ |
| વાલ | ૧૫૦૦ | ૩૧૫૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૭૭૧ |
| ચોળા-ચોળી | ૭૦૧ | ૧૮૦૧ |
| તુવેર | ૯૦૧ | ૧૯૬૧ |
| સોયાબીન | ૮૦૧ | ૯૮૧ |
| રાયડો | ૫૬૧ | ૯૧૧ |
| રાય | ૧૦૧૧ | ૧૦૩૧ |
| અજમાં | ૨૦૭૬ | ૨૦૭૬ |
| ગોગળી | ૭૫૧ | ૧૨૧૧ |
| કાળીજીરી | ૨૩૫૧ | ૨૩૫૧ |
| સુરજમુખી | ૬૦૦ | ૭૮૧ |
| વટાણા | ૭૦૦ | ૧૦૭૧ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૪૧૧ |
| **મહુવા** | | |
| એરંડા | ૬૧૪ | ૧૦૬૦ |
| જુવાર | ૪૦૦ | ૧૦૮૯ |
| બાજરી | ૩૮૦ | ૪૮૮ |
| ઘઉં ટુકડા | ૮૯૦ | ૬૩૮ |
| શીંગમગડીનવી | ૧૧૫૦ | ૧૫૧૨ |

| | | |
|---|---|---|
| શીંગ નં ૩૯ | ૧૧૬૯ | ૧૩૯૫ |
| શીંગ જી ૨૦ | ૧૧૫૭ | ૧૫૧૪ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૭૬ |
| મકાઈ | ૩૨૨ | ૪૪૫ |
| અડદ | ૧૫૫૦ | ૧૬૯૯ |
| મગ | ૯૦૦ | ૧૭૦૮ |
| મેથી | ૧૦૦૧ | ૧૦૪૬ |
| સોયાબીન | ૫૦૦ | ૯૦૭ |
| ચણા | ૫૦૧ | ૧૦૭૧ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૬૮૧ |
| તલ કાળા | ૨૩૦૦ | ૨૮૦૦ |
| તુવેર | ૧૦૮૦ | ૧૮૪૯ |
| અજમા | ૧૧૪૦ | ૨૩૪૫ |
| ડુંગળી લાલ | ૬૮ | ૨૯૧ |
| ડુંગળી સફેદ | ૨૩૨ | ૩૪૧ |
| કપાસ શંકર | ૧૨૦૦ | ૧૪૮૧ |
| નાળીયેર | ૫૦૪ | ૧૬૫૩ |
| **કોડીનાર** | | |
| મગફળીજી૨૦ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| મગફળીનીજીર | ૧૨૦૦ | ૧૪૨૦ |
| સીગદાણા | ૧૭૦૦ | ૨૦૨૦ |
| બાજરીહાઈબ્રીડ | ૩૫૦ | ૪૫૬ |
| ઘઉં | ૪૩૦ | ૫૨૮ |
| જુવાર | ૯૫૦ | ૧૧૬૦ |
| મગ | ૧૬૩૦ | ૨૧૩૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૨૨ |
| ચોળી | ૧૩૫૦ | ૨૦૦૫ |
| તલ કાળા | ૨૩૭૦ | ૨૯૭૬ |
| સફેદ તલ | ૨૪૦૦ | ૨૮૦૫ |
| સોયાબીન | ૯૪૦ | ૧૦૦૯ |
| ધાણા | ૯૦૦ | ૧૧૦૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ધાણા | ૮૦૦ | ૧૦૭૦ |
| ચણા | ૮૫૫ | ૯૫૨ |
| ઘઉં લોકવન | ૩૯૬ | ૪૪૬ |
| ઘઉં ટુકડા | ૪૪૩ | ૪૪૯ |
| જુવાર | ૫૦૦ | ૮૫૨ |
| તુવેર | ૧૧૬૦ | ૧૩૫૧ |
| સોયાબીન | ૮૧૫ | ૯૫૧ |
| શીંગ ફાડા | ૧૫૮૦ | ૧૬૪૨ |
| મગફળી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સફેદ તલ | ૨૪૨૦ | ૨૭૭૨ |
| કાળા તલ | ૨૭૦૫ | ૨૭૦૫ |
| મગ | ૧૫૪૦ | ૧૬૬૦ |
| મેથી | ૯૯૦ | ૧૨૦૦ |
| રાય | ૯૯૦ | ૯૯૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| લસણ | ૧૧૪૮ | ૧૧૪૮ |
| શીંગ દાણા | ૧૮૪૦ | ૧૮૭૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ

રાજકોટ, તા. ૨૧

વિશ્વ યોગ દિવસની દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે યોગનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે માટે ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા પણ લોકોને યોગ અંગે માહિતી અને માર્ગદર્શન આપવાના હેતુથી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાજકોટના સરદાર પટેલ



ભવન ખાતેથી વર્ચ્યુઅલ યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને લાઈવ ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ફેસબુક પેજ અને યુટયુબ ચેનલ પર પ્રસારીત કરવામાં આવ્યો હતો. જેને હજારો લોકોએ નિહાળ્યો હતો. આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે જણાવ્યુ હતું કે નિયમિત યોગ કરવો જોઈએ અને આપણા જીવનમાં સ્થાન આપવું જોઈએ. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીઓ, કન્વીનરો તેમજ દેશ વિદેશના લોકોએ યોગ કર્યો હતો.

# કો. ઓપરેટીવ બેંક ઓફ ઈન્ડિયા (કોબી)ના ડાયરેક્ટર પદે દિલીપ સંઘાણીની નિમણૂંક

## સહકારી, રાજદ્વારી, સામાજિક આગેવાનોએ અભિનંદન આપ્યા

અમરેલી, તા.૨૧

અમરેલીમાં સહકારના સુત્રને ચરિતાર્થ કરવા સાથે અનેક સહકારી સંસ્થાઓને ગતિશીલ-પ્રગતિશીલ બનાવવાના



અવિરત પ્રયાસ અને પરિશ્રમ કરતા અમરેલીના ગૌરવ એવા દિલીપભાઈ સઘાણીની કો.-ઓપરેટીવ બેંક ઓફ ઈન્ડિયા (કો બી)ના ડાયરેકટર પદે નિમણૂક કરવામાં આવી છે. જેથી સહકારી, રાજદ્વારી, સામાજિક, મિત્રો અને શુભચિંતકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. તદઉપરાંત તેમના વડપણ તળેની ઈફકો અને ગુજકોમાસોલએ ઐતિહાસિક નફાકારી પ્રગતિ કરી હોઈ, સંઘાણીની કાર્યશૈલીનો લાભ હવે ઉક્ત સંસ્થાને પણ મળી રહેશે.

# અમદાવાદ એસજીવીપી ઈન્ટરનેશનલ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ યોગ કર્યા





અમદાવાદ, તા. ૨૧

જયારે વિશ્વસ્તરે યોગદિનની ઉજવણી થઈ રહી છે ત્યારે આંતરરાષ્ટ્રીય યોગ દિનના રોજ શાસ્ત્રી માધવપ્રિયદાસ સ્વામીની પ્રેરણાથી અને કુંજવિહારીદાસ સ્વામીના વડપણ નીચે જોગી સ્વામીની હૃદય કુટીર સ્થળે એસજીવીપી ઈન્ટરનેશનલ હોસ્ટેલના ૪૦૦ વિદ્યાર્થીઓએ યોગાસન કરી યોગદિનની ઉજવણી કરી હતી.

# અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ફિલ્મ આદિ પુરુષના સ્ક્રિનિંગ પર પ્રતિબંધની માંગ

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સરકાર પાસે ફિલ્મ આદિપુરુષના સ્ક્રિનિંગ પર તાત્કાલિક ધોરણે પગલાં લઈ પ્રતિબંધની માંગ કરવામાં આવી છે. અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના જણાવ્યા મુજબ રામાયણ આધારિત આ ફિલ્મ શ્રીરામ અને હનુમાનજીની છબી અને વ્યક્તિત્વને ખરડાવે છે. જે સનાતન ધર્મ અને લોકોની ધાર્મિક ભાવનાઓને આહત




કરે છે. અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના જણાવ્યા મુજબ આ ફિલ્મ શ્રીરામ અને રાવણના પાત્રોને કોઈ ફિક્શનલ વીડિયો ગેમના પાત્ર તરીકે પ્રસ્તુત કરે છે તેમજ શ્રી હનુમાનજીના પાત્ર દ્વારા બોલાયેલા કેટલાક ડાયલોગ એ હનુમાનજીના સભ્ય અને વિનમ્ર વ્યક્તિત્વની તદ્દન વિરુદ્ધ તેમને પ્રસ્તુત કરે છે. જેથી ભક્તોની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચી છે. લોકોની ધાર્મિક ભાવના, આસ્થા અને સનાતન ધર્મ તેમજ દેવી-દેવતાઓની છબી અને મર્યાદાને ધ્યાનમાં રાખ્યા વગર માત્ર વ્યાપારિક હેતુથી નિર્દેશક ઓમ રાઉત અને લેખક મનોજ મુંતશિર દ્વારા રજૂ કરવામાં આવેલી આ ફિલ્મ આદિપુરુષને અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, મહામંત્રી વિજયભાઈ દેસાઈ તેમજ રશ્મિનભાઈ ત્રિવેદી સહિતના આગેવાનો દ્વારા સખત શબ્દોમાં વખોડી સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે આ ફિલ્મો પર પગલાં લઈ થિયેટર તથા ઓનલાઈન પ્લેટફોર્મ પર તેના સ્ક્રિનિંગ પર પ્રતિબંધની માંગ કરવામાં આવી છે.

# અમરેલીમાં યોગ દિવસ નિમિત્તે પાણીમાં યોગ કરવામાં આવ્યા



અમરેલી, તા. ૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અનુસંધાને રાજયભરમાં યોગ દિવસ નિમિત્તે અમરેલીમાં ચિતલ રોડ પર આવેલ સ્પોર્ટસ ઓથોરીટીના સ્વિમીંગ પુલમાં લોકોએ યોગ કરી અનોખી રીતે યોગ દિવસની ઉજવણી કરી હતી.

# લીલીયામાં ડો. બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુ ફરતે પહોળાઈ વધારવા રજૂઆત

લીલીયા, તા. ૨૧

લીલીયા મોટા સ્ટેશન રોડ પર આવેલ ડો. બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુની આજુબાજુમાં પહોળાઈ વધારવા માટે લીલીયા ગ્રામ પંચાયતના સદસ્ય અને સામાજીક ન્યાય સમિતિના ચેરમેન કવિતાબેન બગડા દ્વારા સરપંચને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવ્યું હતું કે, સ્ટેશન રોડ પર આવેલ બાબા સાહેબના



સ્ટેચ્યુની બાજુમાં જગ્યા ખુબ જ ઓછી છે જેથી જગ્યાની પહોળાઈ વધારવામાં આવે તો સર્કલ મોટુ બને અને બાબા સાહેબને વંદન કરવા આવતા તથા પુષ્પાંજલી આપવા આવતા લોકો બેસી શકે ઉપરાંત તેની બાજુમાં વીજપોલ આવેલ છે તેને અંદર કરાવી માટી કામથી ભરતી કરવામાં આવે જેથી જગ્યાનો વધારો થાય અને અકસ્માતની સંભાવના ઘટે. આવા મહાપુરૂષોની પ્રતિમાઓની જાળવણી કરવાની જવાબદારી નગરપાલિકાની હોય છે પરંતુ તેમના દ્વારા ધ્યાન આપવામાં ન આવતા રજૂઆત કરવાની ફરજ પડી છે.

# અમરેલીમાં અંધશાળા છાત્રાલયમાં મનોદિવ્યાંગ બહેનોને પ્રવેશ અપાશે

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં પ્રથમ વખત જ આ વર્ષથી અંધશાળા દ્વારા સંચાલિત છાત્રાલયમાં માનસિક ક્ષતિગ્રસ્ત બહેનોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે અને તેમને જરૂરી સુવિધાઓ પણ આપવામાં આવશે. આ નિવાસી શાળામાં છાત્રાલયમાં આવનાર દીકરીઓને બે ટાઈમ ચા પાણી નાસ્તો, બે ટાઈમ ભોજન, ગણવેશ, બુટ-ચપ્પલ વગેરે સગવડતા વિનામૂલ્યે આપવામાં આવશે. તા. ૨૫/૦૬/૨૦૨૩ના રોજ છાત્રાલય ખોલવામાં આવેલ છે. તેમજ નામાંકિત ડોક્ટર દ્વારા દર મહિને ચેકઅપ કરવામાં આવશે. તેમજ દાતા પરિવારના સહયોગથી પ્રવાસ અને યાત્રામાં લઈ જવામાં આવશે. આ ટ્રસ્ટ દ્વારા ૦૧/૦૩/૨૦૨૩ છેલ્લા સવા વર્ષથી માનસિક ક્ષતિ ધરાવતા બાળકોની ટ્રેનીંગ શાળા શરુ કરેલ છે. તેને લઈ જવા લાવવા માટે વાહનની વ્યવસ્થા રાખેલ છે. તેમજ તેમને એક ટાઈમ નાસ્તો આપવામાં આવે છે.

# વિદ્યાસભા કેમ્પસમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા. ૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે દેશભરમાં કાર્યક્રમો યોજાયા હતા. જેના ઉપક્રમે અમરેલીના ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, અંગ્રેજી માધ્યમ, ચંપાબેન વસંતભાઈ ગજેરા ગુજરાતી માધ્યમના સંયુકત



ઉપક્રમે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના વિશાળ પ્રાંગણમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ યોગાસનો કર્યા હતા. આ તકે સંસ્થાના શિક્ષકગણ તેમજ સ્ટાફગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં શહીદ મેજર ઋષિકેશ રામાણી ગાર્ડનમાં યોગ કાર્યક્રમ




અમદાવાદ, તા. ૨૧

વિશ્વ યોગ દિવસ નિમિત્તે અમદાવાદના નિકોલમાં આવેલ બેટી બચાવો ગાર્ડન (મેજર ઋષિકેશ રામાણી) ગાર્ડનમાં નેચરલ યોગા ગૃપ દ્વારા યોગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં મોટી સંખ્યામાં લોકોએ યોગ કર્યા હતા.

# સાવરકુંડલાના બાઢડામાં વિરાણી હાઈસ્કૂલમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા. ૨૧

વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે દેશભરમાં યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેના અનુસંધાને અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે આવેલ એન.એન. વિરાણી હાઈસ્કૂલમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બે સેશન રાખવામાં આવ્યા હતા. પ્રથમ



સેશનમાં વિદ્યાર્થીઓને યોગ અને પ્રાણાયામ કરાવી જીવનમાં યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજા સેશનમાં યોગનું મહત્વ સમજાવતી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના વ્યાયામ શિક્ષકો વિપુલભાઈ વસોયા તથા અનિલાબેન પદમાણીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સમૂહમાં યોગ કર્યા હતા. કાર્યક્રમના આયોજન બદલ પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

# વ્રજ વિદ્યાલયમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ



કુંકાવાવ, તા. ૨૧

૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે કુંકાવાવના વ્રજ વિદ્યાલયમાં પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના યોગ શીખવવામાં આવ્યા હતા.

# રાજુલાના યુવા ધારાશાસ્ત્રી અજય શિયાળની રાજુલા યુથ કોંગ્રેસ પ્રમુખ તરીકે વરણી

## જાહેર જનતાની જાણ માટે

હું નીચે સહી કરનાર રૂબીનાબેન બચુભાઈ કુરેશી રે. દરેડ, તા. બાબરા જાહેર કરું છું કે, બાબરા તાલુકાના દરેડ ગામે વ્યાજબીભાવની દુકાનનો પરવાનો ધરાવું છું. જેનો નંબર ૯૨૦૨૨ છે. આ પરવાનો મારા ભાઈ રીઝવાનભાઈ બચુભાઈ કુરેશીના નામનો ટ્રાન્સફર કરાવેલ છે. તેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

લી.

સ્થળ :- દરેડ

(સહી) રૂબીનાબેન બચુભાઈ કુરેશી

ગામ : દરેડ, તા. બાબરા

રાજુલા, તા. ૨૧

આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ પક્ષ દ્વારા સંગઠનને મજબુત બનાવવા માટે સક્રિય કાર્યકરો અને નેતાઓને જવાબદારી સોંપવામાં આવી રહી છે. ત્યારે નવનિયુકત પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલ તથા યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બી. વી. શ્રીનિવાસની સૂચનાથી પ્રદેશ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા અને પ્રદેશ પ્રભારી રાજેશ સિન્હા



દ્વારા રાજુલાના યુવા ધારાશાસ્ત્રી તથા કોળી સમાજ ગુજરાતના પ્રદેશ મહામંત્રી અજય શિયાળની ૯૮ રાજુલા વિધાનસભાના યુવા કોંગ્રેસના પ્રમુખ પદે નિમણૂક કરવામાં આવી છે.

# રાજુલાની બાલકિષ્ના વિદ્યાપીઠ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

રાજુલા, તા. ૨૧

૨૧ જૂન એટલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દેશ વિદેશમાં કરવામાં આવતી હોય છે. ભારતમાં યોગનું એક વિશેષ મહત્ત્વ છે અને સદીઓથી ભારતમાં યોગ ચાલી રહ્યો છે. યોગ કરવાથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સુધરે છે અને મનને પણ યોગના માધ્યમથી શાંતિ મળતી હોય છે. ત્યારે રાજુલા શહેરના હિંડોરણા



તસવીર :ધર્મેશ મહેતા

રોડ પર આવેલ બાલકિષ્ના વિદ્યાપીઠ ખાતે રાજુલા તાલુકા વહીવટી વિભાગ દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હર ઘર યોગા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણ દ્વારા યોગ દિવસનો નકશારૂપી આકાર કર્યો હતો અને ખૂબજ સુંદર દ્રશ્ય જોવા મળ્યુ હતું. આ તકે રાજુલા પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, નાયબ મામલતદાર તેમજ સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડ રાજુલા તાલુકા સંયોજક સહિત વિવિધ આગેવાનો તથા સંસ્થાઓના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાથી યોગ દિવસના અવસર પર ભારતના લોકોને સંબોધિત કર્યા

# યોગ આજે વૈશ્વિક આંદોલન બની ગયું છે, સારા સ્વાસ્થ્ય માટે યોગ કરવા નરેન્દ્ર મોદીની અપીલ

નવીદિલ્હી,તા.૨૧



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા યાત્રા પર છે. યોગ દિવસના અવસર પર તેમણે દેશવાસીઓને સંબોધિત કર્યા. મોદીએ કહ્યું કે હું તમને બધાને આ વીડિયો સંદેશના માધ્યમથી જોડી રહ્યો છું. પરંતુ હું યોગ કરવાના કાર્યક્રમમાંથી નથી ભાગી રહ્યો. મોદીએ યોગ દિવસના અવસર પર કહ્યું, તમને યાદ હશે કે જ્યારે ૨૦૧૪માં યુએન જનરલ એસેંબલીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રસ્તાવ આવ્યો હતો રેકોર્ડ દેશોએ તેને સમર્થન આપ્યું હતું. ત્યારથી લઈને આજ સુધી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દ્વારા યોગ એક વૈશ્વિક આંદોલન બની ગયું છે. મોદીએ કહ્યું કે આ વર્ષે યોગ દિવસના કાર્યક્રમોને ઓશન રિંગ ઓફ યોગાએ વધારે ખાસ બનાવી દીધો છે. તેનો આઈડિયા યોગના વિચાર અને સમુદ્રના વિસ્તાર માટે પારસ્પરિક સંબંધ પર આધારિત છે. આજે આખી દુનિયામાં લોકો યોગ અને વસુધૈવ કુટુંબકમની થીયરી પર એક સાથે યોગ કરી રહ્યા છે. આપણા ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે યોગથી આપણને સ્વાસ્થ્ય, આયુષ્ય અને બળ મળે છે. આપણાંમાંથી ઘણા લોકોએ યોગની ઉર્જાને અનુભવી છે. વ્યક્તિગત સ્તર પર આપણા માટે સારૂ સ્વાસ્થ્ય કેટલું જરૂરી હોય છે.

# મણિપુરમાં હિંસાથી પરિસ્થિતિ વણસી, ૯ ધારાસભ્યોએ પીએમને પત્ર લખ્યો

## મણિપુરમાં હિંસા ૩ મેના રોજ શરૂ થઈ હતી, ૪૫ દિવસ બાદ પણ હિંસા અટકી રહી નથી

(એ.આર.એલ),ઈમ્ફાલ,તા.૨૧



હિંસાથી મણિપુરની હાલત નાજુક છે. બે સમુદાયો આમને સામને આવી ગયા છે. ત્યારે ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત બાદ શાંતિની આશા હતી, પરંતુ સ્થિતિ ફરી વણસી રહી છે. એક તરફ લોકો હથિયાર ઉઠાવી રહ્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે લોકોનો મણિપુરની વર્તમાન સરકાર પરથી વિશ્વાસ ઉઠી ગયો છે. મણિપુરમાં હિંસા ૩ મેના રોજ શરૂ થઈ હતી, પરંતુ તેના એક મહિના પહેલા ભાજપના ચાર ધારાસભ્યોએ તેમના પદ છોડી દીધા હતા. જો કે તત્કાલીન સીએમ બિરેન સિંહે કહ્યું હતું કે દરેકની પોતાની સમસ્યાઓ છે, તેથી જ તેમણે પદ છોડ્યું છે. બાકી સરકારમાં કોઈ સમસ્યા નથી. હવે, મેમોરેન્ડમ સબમિટ કરનારા નવ ધારાસભ્યોમાંથી, ચાર ધારાસભ્યો એવા છે જેમણે અગાઉ તેમના વહીવટી અને સલાહકાર પદો પરથી રાજીનામું આપ્યું હતું. હવે મણિપુરના સીએમ બિરેન સિંહની મુશ્કેલીઓ વધી શકે છે. આ બધું તે જ દિવસે બન્યું જ્યારે ૩૦ મેઈતી ધારાસભ્યોનું એક પ્રતિનિધિમંડળ દિલ્હીમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, નાણાપ્રધાન નિર્મલા સીતારમણ, નિશિકાંત સિંહને મળ્યું. મણિપુર હિંસામાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે.

યાત્રા દરમિયાન ૬૦ હજાર અર્ધસૈનિક દળો તૈનાત

# અમરનાથ યાત્રામાં આ વખતે ૫ લાખ યાત્રાળુ આવશે

(એ.આર.એલ),શ્રીનગર,તા.૨૧




જુલાઈની ૧ તારીખથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે તૈયારીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ વખતે ૫ લાખ યાત્રાળુનું વિક્રમ આગમન થવાની શક્યતા શ્રાઈન બોર્ડ વ્યક્ત કરી રહ્યું છે. ગઈ વખતે ૩.૫૦ લાખ જાત્રાળુઓ અમરનાથ યાત્રામાં જોડાયા હતા. વિવિધ સ્તરની સુરક્ષા વ્યવસ્થા પર વધુ ભાર મુકાશે. કોઈ પણ પ્રકારના આતંકવાદી ષડ્યંત્રને પહોંચી વળવા માટે ડ્રોન સિસ્ટમ પણ તૈનાત કરાઈ છે. સાથે જ નાઈટ વિઝન ગોગલ્સ, બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વૉર્ડ, સ્નાઈપર અને કાઉન્ટર ટેરર ટીમ પણ તૈનાત કરાવાઈ છે. સેનાના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે યાત્રામાં કોઈ પણ પ્રકારની અઘટિત ઘટના ન બને તે માટેના પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. યાત્રા દરમિયાન ૬૦ હજાર અર્ધસૈનિક દળો તૈનાત કરવામાં આવ્યાં છે.

# નરેન્દ્ર મોદીના પ્રવાસ દરમ્યાન રશિયા સાથે વેપાર ન કરવા અમેરિકા દબાણ કરશે

અમે ભારતના સાધનોના વૈવિધ્યકરણમાં દ્રઢપણે વિશ્વાસ રાખીએ છીએ


(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧



પીએમ નરેન્દ્ર મોદી આ દિવસોમાં અમેરિકા પહોંચી ગયા છે. તેમની મુલાકાત ચાર દિવસની છે. પીએમની મુલાકાતને લઈને દરેક લોકો ઉત્સાહિત છે. આ દરમિયાન અમેરિકાના સંરક્ષણ મંત્રાલયે ભારતના સંરક્ષણ સાધનોના વૈવિધ્યકરણમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમનું કહેવું છે કે અમેરિકાને ભારતના સૈન્ય સાધનોના વૈવિધ્યકરણમાં સંપૂર્ણ વિશ્વાસ છે. તે માને છે કે ઔદ્યોગિક સહયોગ માટે વૉશિંગ્ટનનો પ્રસ્તાવ બંને દેશોના સંરક્ષણ ઉદ્યોગોને વધુ એકીકૃત કરશે. આ સાથે જ તેણે ફરી એકવાર રશિયા સાથેના સંબંધો ખતમ કરવાની વિનંતી કરી છે. પેન્ટાગોનના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી સબરીના સિંહે પત્રકારોને જણાવ્યું કે અમે વડાપ્રધાન મોદીનું અમેરિકામાં સ્વાગત કરીએ છીએ. તેમની મુલાકાતને લઈને દરેક લોકો ઉત્સાહિત છે. તાજેતરમાં જ અમેરિકી સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટિન મોદીની મુલાકાતના સંદર્ભમાં ભારતની મુલાકાતે આવ્યા હતા. ત્યાં તેઓ તેમના સમકક્ષ રાજનાથ સિંહને મળ્યા હતા. અમેરિકાના સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે બંને દેશો વચ્ચે ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ડીલ થઈ છે. પીએમ મોદીના યુએસ પ્રવાસ દરમિયાન આની જાહેરાત કરવામાં આવશે. સિંહે કહ્યું કે અમે ભારતના સાધનોના વૈવિધ્યકરણમાં દઢપણે વિશ્વાસ રાખીએ છીએ.

# આસામમાં પૂરના કારણે આક્રોશ, સ્થિતિ વધુ વણસી

(એ.આર.એલ),ગુવાહાટી,તા.૨૧



આસામમાં મંગળવારે રાતોરાત વરસાદ પડ્યો હતો, જેના પગલે પૂરની સ્થિતિ વિકટ બની હતી. રાજ્યના નવ જિલ્લાઓમાં ૩૪,૦૦૦ થી વધુ લોકો પૂરની ઝપેટમાં છે. બીજી તરફ હવામાન વિભાગની આગાહીએ લોકોની ચિંતા વધારી દીધી છે. હવામાન વિભાગે આગામી થોડા દિવસોમાં રાજ્યના ઉપરના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જેના કારણે બ્રહ્મપુત્રા અને તેની સહાયક નદીઓના જળસ્તરમાં વધારો થઈ શકે છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે ભૂટાન સરકારે હવામાન એડવાઈઝરી જારી કરી છે કે દેશના અલગ-અલગ વિસ્તારોમાં આગામી બે-ત્રણ દિવસમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે વાદળછાયું રહેવાની શક્યતા છે. ભૂટાન અને આસામના બંને ઉપલા કેચમેન્ટ વિસ્તારોમાં અવિરત વરસાદ તેમજ પડોશી દેશના કુરિચુ ડેમમાંથી પાણી છોડવાને કારણે રાજ્યના પશ્ચિમ ભાગમાં પૂરની સ્થિતિ વિકટ બની છે.

# બંગાળના CM મમતા બેનર્જી ૨૩ જૂને પટનામાં વિપક્ષની બેઠકમાં હાજરી આપશે

(એ.આર.એલ),કોલકતા,તા.૨૧



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ૨૩ જૂને પટનામાં યોજાનારી વિપક્ષની બેઠકમાં હાજરી આપશે. અહેવાલો અનુસાર, મમતા ૨૨ જૂને જ પટના પહોંચશે અને રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ યાદવને મળશે. જણાવી દઈએ કે વિપક્ષની આ મોટી સભામાં મમતા બેનર્જી સિવાય ૪ વધુ રાજ્યોના મુખ્યમંત્રીઓ ભાગ લેશે. તે જ સમયે, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, શિવસેના (યુબીટી) સહિત તમામ વિરોધ પક્ષોના મોટા નેતાઓ પણ આ બેઠકનો ભાગ બનશે. આ પહેલા મમતાએ કોંગ્રેસ વિરુદ્ધ ખૂબ જ કડક વલણ અપનાવ્યું હતું અને કહ્યું હતું કે જો તે વિપક્ષી એકતા ઈચ્છતી હોય તો તેણે ડાબેરી પક્ષોને છોડી દેવા જોઈએ. જણાવી દઈએ કે અગાઉ મમતા બેઠકમાં હાજરી આપશે કે નહીં તે અંગે અનિશ્ચિતતા હતી. મમતાએ એક શરત મૂકી હતી કે જો કોંગ્રેસ વિપક્ષી એકતા ઈચ્છે છે અને તૃણમૂલ તેનો ભાગ બનવા ઈચ્છે છે તો તેણે પહેલા ડાબેરીઓ સાથે ભાગ લેવો પડશે. જો કે, મમતાના વલણમાં નરમાઈ તે જ સમયે દેખાઈ હતી જ્યારે તેમણે સોમવારે ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને તેમના જન્મદિવસ પર અભિનંદન આપ્યા હતા.

# વડાપ્રધાન મોદી, અમિત શાહ, બિહારના CMને જાનથી મારી નાખવાની ધમકી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧



વડાપ્રધાન મોદી અમેરિકા પ્રવાસે ત્યારે દિલ્હી પોલીસને વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારને જાનથી મારી નાખવાની ધમકી માટેનો ફોન આવ્યો હતો. આ ફોન આવતા દિલ્હી પોલીસ એક્શનમાં આવી ગઈ છે. પોલીસને પહેલો ફોન બિહારના નીતિશકુમારને મારી નાખવાની ધમકી માટેનો હતો. એ બાદ બીજો ફોન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ માટેનો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. દિલ્હી પોલીસના આઉટર ડિસ્ટ્રિક્ટ પીસીઆરને ફોન આવ્યો કે પીએમ મોદી, બિહારના સીએમ નિતીશ કુમાર અને દેશના ગૃહમંત્રી અમિત શાહને મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. પીએમ-ગૃહમંત્રી અને બિહારના સીએમને ધમકી મળતા જ દિલ્હી પોલીસે આ મામલે એક ટીમ બનાવી અને મામલાની તપાસ શરૂ કરી.

સભા સંબોધતા તેમણે કહ્યું કે અસુરી શક્તિઓને ભારતની પ્રગતિ પસંદ નથી

# બહારના લોકો દ્વારા દેશને તોડવાના પ્રયાસ થઈ રહ્યાં છે : મોહન ભાગવત

(એ.આર.એલ),નાગપુર,તા.૨૧



મોહન ભાગવત તેમના નિવેદનોને લઈને અવાર નવાર ચર્ચામાં રહે છે ત્યારે ફરી એક RSS વડાએ એવું કઈ કહ્યું હતુ જે બાદ દેશભરમાં ચર્ચા થઈ રહી છે. મંગળવારે એક સભા સંબોધતા તેમણે કહ્યું છે કે અસુરી શક્તિઓને ભારતની પ્રગતિ પસંદ નથી કારણ કે તેઓ ભારતને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કોઈપણ દેશનું નામ લીધા વિના કહ્યું કે, પોતાનો સ્વાર્થ પૂરો કરવા માટે સમાજને તોડવા માટે દેશ બહારથી પ્રયાસો થઈ રહ્યા છે, કલયુગમાં સાથે રહેવું એ શ્રેષ્ઠ શક્તિ છે. નાગપુરમાં ભગવાન જગન્નાથ પુરીના દર્શન અને આરતી બાદ RSS સંઘ પ્રમુખે કહ્યું કે અમે ભારતના ભાગ્યનો રથ ખેંચી રહ્યા છીએ. ભારતના તમામ લોકો આગળ વધી રહ્યા છે, પરંતુ અસુરી શક્તિઓને આ બધું ગમતું નથી, તેથી તેઓ અલગ અલગ રીતો અપનાવી ભારતને તોડવાના પ્રયાર કરે છે આ માટે તેઓ અલગ-અલગ યુક્તિઓ અપનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, જ્યાં સુધી ભારતના લોકો એકજૂટ અને હળી મળીને રહેશે ત્યાં સુધી દુનિયામાં એવી કોઈ શક્તિ નથી કે જે ભારતને હરાવી શકે, તેથી તેમનો પ્રયાસ ભારતને પણ તોડવાનો નહી રહે.

# આજનો દિવસ ભારતીય શેરબજાર માટે ઐતિહાસિક રહ્યો, સેન્સેક્સએ તોડ્યો રેકોર્ડ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૧

ભારતીય શેરબજાર માટે આજનો દિવસ ખૂબ જ ઐતિહાસિક છે. બીએસઈ સેન્સેક્સ આજે તેની જૂના રેકોર્ડની ઊંચી સપાટીને પાર કરવામાં સફળ રહ્યો હતો. સેન્સેક્સ આજે ૬૩,૫૮૮ પોઈન્ટની સપાટીએ પહોંચ્યો હતો, જે અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે છે. જોકે નિફ્ટીએ હજુ સુધી ૧૮,૮૮૭ની લાઈફ ટાઈમ હાઈ લેવલ પાર કરી નથી.

આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૧૯૬ પોઈન્ટના ઉછાળા સાથે ૬૩,૫૨૩ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૮,૮૫૬ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં બેન્કિંગ, આઈટી, એનર્જી, ઈન્ફ્રા, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે એફએમસીજી, મેટલ્સ, રિયલ એસ્ટેટ, હેલ્થકેર સેક્ટરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ભારતીય શેરબજારમાં આવેલી શાનદાર તેજીના કારણે રોકાણકારોની સંપત્તિમાં તેજી આવી છે.

# જળવાયુ પરિવર્તનથી છેલ્લા દાયકા કરતાં ૬૫% વધુ ઝડપથી હિમાલયના ગ્લેશિયર્સ પીગળ્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧



હિમાલયન ગ્લેશિયર ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટના અહેવાલ મુજબ ગ્લેશિયર્સ ૨૦૧૧ થી ૨૦૨૦ સુધીના પાછલા દાયકાની સરખામણીમાં ૬૫ ટકા વધુ ઝડપથી પીગળી રહ્યા છે. જેનું કારણ જળવાયુ પરિવર્તનને કહી શકાય. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સદીના અંત સુધીમાં ગ્લેશિયર્સ ૮૦% સુધી પીગળી જશે. જો ગ્લેશિયર્સને બચાવા માટે ગ્લોબલ વોર્મિંગ પર નિયંત્રણ કસવામાં નહી આવે તો ઘણા ગ્લેશિયર્સ ગાયબ થઈ જશે.

હિમાલયન ગ્લેશિયર્સ એ પાણીનો વિશાળ ભંડાર છે જે ભારતના લાખો લોકોના જીવનને ટકાવી રાખે છે. તેમજ ઘણી હિમનદીઓ નીકળે છે. પરંતુ જળવાયુ પરિવર્તનના કારણે મોટાભાગની હિમનદીઓ પીગળી રહી છે. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટના અહેવાલ મુજબ ગ્લેશિયર્સ ૨૦૧૧ થી ૨૦૨૦ સુધીમાં પાછલા દાયકાની સરખામણીમાં ૬૫ ટકા વધુ ઝડપથી પીગળી રહ્યા છે.

# હું તો મોદીનો ફેન છું: એલન મસ્કે ભારત આવવાની ઈચ્છા વ્યક્ત કરી

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૧



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના ત્રણ દિવસના રાજકીય પ્રવાસે છે. વડાપ્રધાન મોદીને ટ્વિટરના સીઈઓ એલન મસ્ક મળવા ન્યૂયોર્ક પેલેસ હોટલ ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન એલન મસ્કે ભારત આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ આવતા વર્ષે ભારતના પ્રવાસે આવશે. એલન મસ્કે પોતાને પીએમ મોદીના ફેન ગણાવતા કહ્યું હતું કે, 'હું ભારતના ભવિષ્યને લઈને ખૂબ જ ઉત્સાહિત છું. મને લાગે છે કે વિશ્વના કોઈપણ દેશ કરતાં ભારતમાં વધુ સંભાવનાઓ છે. હું કહી શકું છું કે પીએમ મોદી ભારત માટે યોગ્ય નિર્ણયો લેવા માંગે છે.

# કેનેડામાં વધુ એક ગુજરાતી યુવકની લાશ મળી: ત્રણ મહિનામાં ત્રણ મોત

(એ.આર.એલ),ટોરેન્ટો,તા.૨૧

કેનેડાની બ્રાન્ડન પોલીસના જણાવ્યા અનુસાર, સર્ચ ઓપરેશન દરમિયાન, મનિટોબા પ્રાંતના બ્રાન્ડન સિટી નજીક એસિનીબોઈન નદી અને હાઈવે ૧૧૦ બ્રિજ નજીક એક લાશ પડેલી મળી હતી. ગુમ થયેલ વિષય પટેલના પરિવારના સભ્યોએ નદી નજીકથી તેના કપડાં મળી આવ્યા હતા, જે બાદ તેમણે પોલીસને જાણ કરતા પોલીસે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અધિકારીઓએ હજી સુધી વિદ્યાર્થીની લાશની સત્તાવાર પુષ્ટિ કરી નથી. પરંતુ પોલીસનું માનવું છે કે તે ગુમ થયેલા વિદ્યાર્થી વિષય પટેલની છે. કેનેડાના બ્રાન્ડોન શહેરમાં ૨૦ વર્ષના વિષય પટેલ છેલ્લા ઘણા દિવસોથી ગુમ હતો. વિષયને છેલ્લે ૧૫મી જૂને રાત્રે ૧૧ વાગ્યા આસપાસ ઘરની બહાર નીકળતા જોવાયો હતો. આ બાદથી તેનો કોઈ પતો નહોતો. જેથી તેના ગુમ થવા અંગે પરિવારના સભ્યો દ્વારા બ્રાન્ડોન પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારે પોલીસ પણ વિષયને શોધવામાં લાગી હતી, દરમિયાન કેનેડામાં રહેતા ભારતીય મૂળના લોકો પણ વિષયને શોધવામાં સોશિયલ મીડિયા કેમ્પેઈનની મદદ લઈ રહ્યા હતા. બ્રાન્ડોન શહેર પોલીસ મુજબ, વિશયને તેના ઘરમાં લાગેલા સીસીટીવી ફૂટેજમાં પોતાની કાર સાથે બહાર જતા જોવાયો હતો. જોકે બીજા દિવસે ઘરના પાર્કિંગમાંથી તેની કાર મળી આવી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. પોલીસ મુજબ કેટલાક લોકોએ તેને તે જ રાત્રે ઘરેથી ડિસ્કવરી સેન્ટર તરફ ચાલીને જતા જોયો હતો.

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વિસાવદર જિ.જૂનાગઢ, એમ.એ.જી. શાખા

ન.એમએજી/જન્મ-મરણ/નોંધણી કેસ નં.૩૪/૨૦૨૩ — તા.૧૨/૦૬/૨૦૨૩

પ્રતિ,
કેશુભાઈ ભગવાનભાઈ સરધારા,
રે.કાલસારી,તા.વિસાવદર. ....અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી અને,
તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર .....સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી કેશુભાઈ ભગવાનભાઈ સરધારાની બહેન "જયોતિબેન ભગવાનભાઈ સરધારા" નો જન્મ તા.૦૮/૦૯/૧૯૭૨ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામે થયેલ છે. જેની નોંધ કાલસારી ગામના ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ કાલસારી ગામના ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૬/૨૦૨૩ ના રોજ બપોરના ૧૧:૦૦ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૧૨, જુન, ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

| તૈયાર કરનાર | તપાસનાર | હુકમથી |
|---|---|---|
| સહી. | સહી. | સહી. |
| (પી.કે.સાંગાણી) | (બી.પી.કતકપરા) | (બી.એમ.રેવર) |
| નાયબ મામલતદાર | નાયબ મામલતદાર(સુપર) | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | વિસાવદર | વિસાવદર |

## સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જન્મ નોંધ પરચુરણ અરજી નં.૯૨/૨૦૨૩

અરજદાર: (૧) શ્રી ચોડવડીયા કસ્તુરબેન શંભુભાઈ
ઠે.સીમરણ, સાવરકુંડલા, અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી વિપુલ એન.જાદવ
ઠે.શિવ કોમ્પલેક્ષ, પહેલો માળ,
મામલતદાર કચેરીની સામે, સાવરકુંડલા

વિરૂધ્ધ

સામાવાળા:- તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી, સીમરણ, તા.સાવરકુંડલા

જાહેર નોટીસ


આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામના રહીશ શ્રી ચોડવડીયા કસ્તુરબેન શંભુભાઈ એ તેમના પુત્રી નો જન્મ સીમરણ મુકામે તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી ના પુત્રી શ્રી ઈન્દુબેન શંભુભાઈ ચોડવડીયા ના જન્મ ની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૨ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૬/૨૦૨૩ ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા.

સહિ,
શિરેસ્તેદાર
સાવરકુંડલા

# સુરતમાં ૧.૫૦ લાખ લોકોએ એકસાથે યોગ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

**સુરતમાં રાજ્યકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરાયું હતું**





(એ.આર.એલ),સુરત,તા.૨૧

૨૧ જૂન એટલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ. ભારત સહિત સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સુરતે આજે ઈતિહાસ રચ્યો છે. રાજ્યકક્ષાની યોગ દિનની ઉજવણી સુરતમાં કરવામાં આવી હતી. જેમાં ૧.૫૦ લાખથી વધુ લોકોએ એક સાથે એક સ્થળે ઉપસ્થિત રહી યોગાભ્યાસ કરી વિશ્વ વિક્રમ સર્જ્યો છે. સુરતે સૌથી મોટી સંખ્યામાં એક સાથે યોગ કરી ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.

સુરતમાં રાજ્યકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના વાય જંક્શન ખાતે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના રાજકીય તેમજ સામાજિક આગેવાનો જોડાયા હતા.

શહેરની શાળા કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો, શહેરીજનો તેમજ અલગ અલગ વ્યવસાય સાથે જોડાયેલા નાગરિકો અને ગૃહિણીઓ મળી કુલ ૧.૫૦ લાખથી વધુ લોકો યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બન્યા હતા. સુરતના વાય જંકશનથી લઈને એસવીએનઆઈટી સર્કલ સુધી ૧.૫૦ લાખથી વધુ લોકોએ એકસાથે યોગા કર્યા હતા અને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પહેલા ૧.૦૯ લાખ સાથે જયપુરના નામે રેકોર્ડ હતો.

સુરતના મગદલ્લા ભાઈ જંકશનથી એસવીએનઆઈટી સર્કલ અને બ્રેડલાઈનર સર્કલ સુધી ૧૨ કિલોમીટરના રૂટ પર કાર્યક્રમનું આયોજન કરાયું હતું. યોગાભ્યાસમાં ભાગ લેવા માટે ૪૨ શાળાના ૨૦ હજારથી વધુ બાળકો વહેલી સવારથી કાર્યક્રમ સ્થળ પર પહોંચી ગયા હતા. આ ઉપરાંત ગૃહિણીઓ તેમજ અલગ અલગ વ્યવસાય સાથે જોડાયેલા નાગરિકો સહિત શહેરના નાના મોટા દરેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિદેશી મહેમાનો અને દિવ્યાંગ બાળકોએ પણ યોગા કરી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૨૫ બ્લોગ બનાવવામાં આવ્યા હતા જેમાં અલગ અલગ બ્લોગ પર એલઈડી સ્ક્રીન, સ્પીકર સહિતની સુવિધા કરવામાં આવી હતી.

# અમેરિકન કંપની ગુજરાતમાં ૨૨ હજાર કરોડ રૂપિયાનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપશે

વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકાની ચિપમેકર કંપની માઈક્રોન ટેક્નોલોજી ભારતમાં રોકાણ કરી શકે તેવી છેલ્લા ઘણા દિવસોથી અપેક્ષા હતી. આખરે તેને મંજૂરી મળી ગઈ છે. PM નરેન્દ્ર મોદીના અમેરિકા પહોંચતા આ ખબર આવી રહી છે.



સમાચાર આવ્યા છે કે ભારતમાં કેબિનેટે માઈક્રોનના ૨.૭ અબજ ડોલર એટલે કે ૨૨ હજાર કરોડ રૂપિયાના સેમિકન્ડક્ટર પ્લાન્ટને મંજૂરી આપી દીધી છે. આ યુનિટ ગુજરાતમાં સાણંદ ખાતે સ્થાપવામાં આવશે. આવા એકમો સેમિકન્ડક્ટર ચિપ્સનું પરીક્ષણ અને પેકેજ કરે છે, પરંતુ તેનું ઉત્પાદન કરતા નથી. માઈક્રોન પ્લાન્ટમાં ગ્રાહકો માટે ચિપ્સ ખરીદી શકે છે અને પેકેજ કરી શકે છે અથવા અન્ય કંપનીઓ શિપિંગ પહેલાં પરીક્ષણ માટે તેમની ચિપ્સ મોકલી શકે છે. સૂત્રએ કહ્યું કે માઈક્રોનનો ભારતીય પ્લાન્ટ ભારતના સેમિકન્ડક્ટર બેઝને મજબૂત કરશે, પરંતુ વાસ્તવિક સફળતા માટે અહીં ઉત્પાદન પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# જૂનાગઢમાં પોલીસ પર હુમલાનું કાવતરૂ પૂર્વાયોજીત હોવાનો તપાસમાં ઘટસ્ફોટ

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૨૧

જૂનાગઢના મજેવડી દરવાજે આવેલ દરગાહને માત્ર આધાર પુરાવા રજૂ કરવા નોટિસ આપ્યા બાદ ગણત્રીની મિનિટોમાં જ તોફાન ફાટી નીકળ્યું હતું. આમાં પોલીસ, રાહદારીઓ, એસટી બસ પર પથ્થરમારો કરાયો હતો. સાથે કેટલાક વાહનોમાં તોડફોડ કરાઈ હતી, એક બાઈકમાં આગ ચાંપી દેવાઈ હતી. ત્યારે ગણતરીની મિનિટોમાં જ આ ઘટના બનતા આમાં પૂર્વાયોજીત કાવતરૂં હોવાની પોલીસે પણ આશંકા વ્યકત કરી હતી. દરમિયાન આ અંગે કરેલા ઈન્વેસ્ટિગેશનમાં પણ એ વાત સામે આવી હતી કે આ સમગ્ર ઘટના પૂર્વાયોજીત



કાવતરૂં હતું.

ખાસ કરીને પોલીસ અને રાહદારીઓને મારવા માટે આખું ડમ્પર ભરીને પથ્થરો ઠલવાયા હતા. નોટિસ પાઠવાઈ તે પહેલા મનપામાંથી જ જાણ કરાઈ હતી જેથી બધી તૈયારી કરાઈ હતી. સાથે બનાવ સમયે બહારગામથી પણ કેટલાક તોફાની તત્વો આવી ગયા હતા. ત્યારે તેને કેવી રીતે ખબર પડી જેના કારણે તેઓ ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે હાજર થઈ ગયા? ત્યારે આ ત્રણ બાબતો ઈન્વેસ્ટિગેશનમાં સામે આવી હતી જેનાથી એમ માની શકાય છે કે આ સમગ્ર ઘટના પૂર્વાયોજીત કાવતરૂં જ હતું. મજેવડી દરગાહ પાસેના વિસ્તારમાં હંમેશા સફાઈ થતી હોય છે. અહિં વેફરનું ખાલી પેકેટ પણ નાંખેલ પડ્યું હોવાનું નજરે પડતું નથી. આવો વિસ્તાર કે જ્યાં નાનકડી કાંકરી પણ જોવા મળતી નથી ત્યાં પોલીસ પરના હુમલા સમયે પથ્થરોનો વરસાદ થયો. ત્યારે ઓચિંતા આ ઢગલો પથ્થર આવ્યા ક્યાંથી એ મોટો સવાલ છે. દરમિયાન તોફાન પૂર્વે ડમ્પર ભરીને પથ્થરો ઠલવાયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આ પથ્થરો એવી જગ્યાએ ઠલવાયા કે જ્યાં સીસીટીવી કેમેરા ન હતા. જૂનાગઢના ડીવાય.એસ.પી. હિતેષ ધાંધલીયાએ કહ્યું હતું કે જ્યારે પોલીસ પર હુમલો થયો ત્યારે આ હુમલામાં સ્થાનિકની સાથે બહારગામના લોકો પણ હોવાનું સામે આવ્યું હતું.






# ગુજરાતમાં ચોમાસું મોડુ શરૂ થશે હવામાન વિભાગની આગાહી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૧

ચોમાસાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. આ વચ્ચે ગુજરાતના ખેડૂતો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. સત્તાવાર ચોમાસાના આગમન માટે હજુ રાહ જોવી પડશે. હવામાન વિભાગે લેટેસ્ટ અપડેટ આપતા જણાવ્યું કે, રાજ્યમાં ૫ દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી છે. રાજ્યમાં આગામી પાંચ દિવસમાં કેટલાક સ્થળોએ વરસાદની સંભાવના રહેશે. પરંતુ સત્તાવાર ચોમાસાની સિઝન માટે હજી થોડી રાહ જોવી પડશે. એટલે કે, ગુજરાતમાં વરસાદ તો પડશે, પરંતુ તે વરસાદ ચોમાસાનો નહિ હોય. સત્તાવાર સિઝન માટે હજી ગુજરાતીઓને રાહ જોવી પડશે.





